
ભક્તિ અને શક્તિના સમન્વયક

# સમર્થ ગુરુ રામદાસ



– શ્રીરામ શર્મા આચાર્ય

ભક્તિ અને શક્તિના સમન્વયક

# સમર્થ ગુરુ રામદાસ

: લેખક :

પં. શ્રીરામ શર્મા આચાર્ય

: પ્રકાશક :


યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ

ગાયત્રી તપોભૂમિ, મથુરા.

ફોન : (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯

મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯

ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

: પ્રાપ્તિસ્થાન :

શાખા અમદાવાદ

ગાયત્રી જ્ઞાનપીઠ, પાટીદાર સોસાયટી,

જૂના વાડજ, અમદાવાદ-૩૮૦ ૦૧૩

ફોન : ૦૭૯-૨૭૫૫૭૨૫૨

સંસ્કરણ - ૨૦૧૦ કિંમત રૂ.૭.૦૦



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at

www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રકાશક :
યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ
ગાયત્રી તપોભૂમિ, મથુરા-૨૮૧૦૦૩
ફોન : (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯
ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

લેખક :
પં. શ્રીરામ શર્મા આચાર્ય

કિંમત રૂા. ૭.૦૦

સન્ : ૨૦૧૦

મુદ્રક :
યુગ નિર્માણ યોજના પ્રેસ
ગાયત્રી તપોભૂમિ, મથુરા.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ભક્તિ અને શક્તિના સમન્વયક
# સમર્થ ગુરુ રામદાસ

આપણા દેશમાં સંતને ધાર્મિક તથા આધ્યાત્મિક જીવન પર વિચાર અને પ્રચાર કરતી પરમાર્થી વ્યક્તિ માનવામાં આવે છે. આ સંતોએ રચેલ સાહિત્ય ભારતના પ્રત્યેક પ્રદેશમાં ખૂબ મોટા પ્રમાણમાં જોવા મળે છે. તેનો પ્રચાર વિશેષ રૂપે એ સંતોના અનુયાયીઓમાં જ જોવા મળે છે, જેમણે કાળના પ્રભાવે હવે નાના મોટા સંપ્રદાયોનું રૂપ ધારણ કરી લીધું છે. આ સંતોએ તેમની વાણીમાં મોટાભાગે વેદાંત તથા અન્ય દાર્શનિક તત્ત્વોનું સામાન્ય લોકો સમજી શકે એવી ભાષાશૈલીમાં વર્ણન કર્યું છે. એમાં શંકા નથી કે તેમનો હેતુ મુખ્યત્વે તેમના શિષ્યો તથા અનુયાયીઓને ધર્માચારનો એક વિશિષ્ટ દૃષ્ટિકોણ આપવાનો જ હતો.

પરંતુ ઘણા સમયથી ભારતની જનતા ધર્મના મૂળ સ્વરૂપને ભૂલી જઈને તેને સામાન્ય જીવનથી કોઈ જુદી બાબત માનવા લાગી ગઈ હતી, જેથી લોકો પૂજાપાઠ, જપતપ કરતા હોવા છતાં સામાજિક અને રાષ્ટ્રીય વ્યવહારમાં વિપરીત આચરણ કરવા લાગ્યા હતા. જેમ કે જે લોકોએ તેમના કોઈ સ્વાર્થના કારણે વિદેશી હુમલાખોરોને બોલાવીને કે તેમને સાથ આપીને દેશને ગુલામ બનાવ્યો, જનતા પર અત્યાચારો કરાવ્યા અને સંપત્તિ લુંટાવી તેમને કોઈએ અધાર્મિક કહ્યા નથી. તેનું કારણ એ છે કે આ સમાજાવિરોધી કાર્યો કરતા હોવા છતાં તેઓ સારી રીતે પૂજાપાઠ, તીર્થયાત્રા, દાનદક્ષિણા વગેરે,જેને લોકો 'ધર્મકૃત્ય'ના નામે ઓળખે છે તેનું પાલન કરતા હતા.

સમર્થ ગુરુ રામદાસે (સન્ ૧૬૦૮થી ૧૬૮૨) ધાર્મિક ભાવનાની આ ત્રુટિ ઓળખી લીધી અને પ્રવચનો તથા વાણીઓમાં એ સાબિત કર્યું કે માત્ર ધર્મ અને અધ્યાત્મની ચર્ચા કરવાનું કોઈ મહત્ત્વ નથી. મનુસ્મૃતિ અનુસાર **'વિદ્વદ્ભિઃ સેવિતઃ સદ્ભિઃ'** અર્થાત્ "જે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કાર્યો જ્ઞાનીઓ દ્વારા કરવામાં કે આચરવામાં આવે છે તે જ ધર્મ હોય છે.'' માત્ર ચર્ચા કરવાથી કોઈ બાબત ધર્મ બની જતી નથી, આથી એમણે જનતામાં ધર્મના જે સિદ્ધાંતોનો પ્રચાર કર્યો તેમનું વ્યવહારમાં આચરણ અને લોકવ્યવહાર કરવા માટે પણ ભાર મૂક્યો.

## વિદેશી શાસનથી હિંદુ ધર્મમાં વિકૃતિ

તેમના સમયમાં વિધર્મીઓની પ્રધાનતાના કારણે હિંદુ ધર્મ એક સંકટકાળમાંથી પસાર થઈ રહ્યો હતો અને વિદેશી સત્તાધારીઓના રાજનૈતિક તથા સામાજિક દબાણના કારણે એમાં અનેક પ્રકારના દૂષિત સિદ્ધાંતો અને ક્રિયાઓનો સમાવેશ થઈ રહ્યો હતો. સામાન્ય હિંદુ જનતા પહેલેથી જ બહુદેવવાદી હતી. તે રામ, કૃષ્ણ, શિવ, દુર્ગા, ગણેશ, સૂર્ય વગેરેની સાથે બીજી વીસેક જેટલી ક્ષુદ્ર સ્થાનિક દેવીઓની પૂજા કરતી હતી. હવે મુસ્લિમોના સંપર્કમાં આવી તે એમના ફકીર અને ઓલિયાઓને પણ 'ચમત્કારી' માની પૂજવા લાગી હતી. આવા લોકો મુસલમાનોના તાજિયાઓને પણ એક પ્રકારની મૂર્તિ સમજીને તેમની માનતા રાખતા હતા અને તે પ્રસંગે વહેંચવામાં આવતા મલીદાને પ્રસાદ સમજી ખાઈ લેતા હતા. ઘણા લોકો તે પ્રસંગે લીલાં કપડાં પહેરીને થોડા સમય માટે ફકીર બની જતા હતા તથા તેમનાં નાનાં બાળકોને તાજિયાની નીચે થઈ પસાર કરાવતા. આ પ્રકારના વ્યવહારના કારણે બહુમતી હિંદુઓની શ્રદ્ધા પોતાના ધર્મ પરથી શિથિલ થઈ જતી હતી અને સમાજમાં અનેક પ્રકારની દૂષિત પ્રથાઓનો પ્રવેશ થતો જતો હતો.

એટલું જ નહિ, ઘણા હિંદુ પંડિતો અને બ્રાહ્મણો મુસલમાનોના પ્રભાવ કે વ્યક્તિગત લાભની દૃષ્ટિએ મુસ્લિમોની ઘણી વાતોનું સમર્થન પણ કરવા લાગ્યા હતા. દક્ષિણમાં બે બ્રાહ્મણો કોઈ મુસ્લિમ સત્તાધારીના ઉશ્કેરવાથી વૈદિક કર્મકાંડ કરનારાઓ પર



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આક્ષેપ કરવા લાગ્યા. એમણે કહ્યું, "મુસ્લિમો પશુવધ કરે છે એ માટે જો તેઓ દોષિત હોય, તો બ્રાહ્મણ પણ યજ્ઞમાં પશુહિંસા કરે છે તો તેઓ દોષિત શા માટે નહિ ?" કેટલાય પંડિતોએ પ્રાચીન શાસ્ત્રો અને સ્મૃતિઓમાં એવા શ્લોકો બનાવી સામેલ કરી દીધા, જેમાં હિંદુધર્મની હીનતા પ્રગટ થતી હતી અને તે નિર્બળ બની જતો હતો.

સમર્થ ગુરુ રામદાસે હિંદુ ધર્મની આ વિકૃતિ જોઈ ત્યારે એનાથી તેમના હૃદયને આઘાત લાગ્યો. પોતાની આસપાસના લોકોનાં એવાં કાર્યો તથા વાતો જોઈને તેઓ નાની અવસ્થાથી જ હાનિપ્રદ ધાર્મિક રૂઢિઓના સુધાર અને સમયને અનુરૂપ સશક્ત વિચારધારાના પ્રચારની કલ્પના કરતા હતા. તેમના અનુયાયીઓનું કહેવું છે કે ઘણી નાની અવસ્થામાં જ એમણે કેટલાય દિવસ સુધી હનુમાનજીના એક મંદિરમાં બેસીને આ જ ઉદ્દેશ્યની પૂર્તિ માટે જપ કર્યા હતા અને તેમની નિષ્ઠાથી પ્રસન્ન થઈને હનુમાનજીએ પ્રગટ થઈ મંત્રોપદેશ કરતાં કહ્યું, "સંપૂર્ણ પૃથ્વી પર યવનો છવાયેલા છે, અનીતિનું રાજ્ય છે અને દુષ્ટ લોકો સત્તાના મદમાં અંધ બની સાધુજનોને સતાવી રહ્યા છે. આથી તમે વૈરાગ્યવૃત્તિથી કૃષ્ણા નદીના તટે ઉપાસના કરી જ્ઞાન પ્રાપ્ત કરો અને લોકોના ઉદ્ધારના કાર્યમાં લાગી જાઓ." તે જ સમયથી સમર્થ ગુરુએ ધર્મનો સુધાર અને તેનું રક્ષણ કરવું તેને પોતાના જીવનનો એકમાત્ર ઉદ્દેશ્ય બનાવી લીધો.

## લગ્નથી વિરક્તિ અને ગૃહત્યાગ

એક તરફ બાળક રામદાસ ( તે વખતે એમનું નામ નારાયણ હતું) ના હૃદયમાં સ્વધર્મ અને સ્વજાતિની સેવાનો આ અંકુર ફૂટી રહ્યો હતો તથા બીજી તરફ તેમની માતા રાણુબાઈ તેમના લગ્નનો વિચાર કરી રહી હતી. તે વખતે મુસ્લિમોના અત્યાચારોથી બચવા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

માટે બાળલગ્નની પદ્ધતિ વિશેષ રૂપે પ્રચલિત થઈ ગઈ હતી. જો કે પતિ અને પત્નીનો સમાગમ મોટાભાગે મોટી ઉંમરે જ થતો હતો, પરંતુ મુસ્લિમો કુંવારી કન્યાઓ પર કુદૃષ્ટિ કરતા હોવાના કારણે સામાન્ય શ્રેણીના લોકો નાની ઉંમરે જ લગ્નવિધિ કરી નાખતા હતા. રામદાસ લગ્નની ચર્ચા ચાલે ત્યારે નારાજ થતા અને વિરક્તિનો ભાવ પ્રકટ કરતા. એક વખતે આ વિશે વધારે કહેતાં તેઓ જંગલમાં ભાગી ગયા. ત્યારે એમના મોટા ભાઈ ગંગાધરજી એમને ઘણું સમજાવી ફોસલાવીને ઘરે પાછા લઈ આવ્યા હતા. મોટા ભાઈને ખાતરી થઈ ગઈ હતી કે રામદાસ કદાપિ લગ્ન કરશે નહિ, પરંતુ તેમની માતાને સંતોષ થતો ન હતો. તેઓ જ્યારે અવસર મળે ત્યારે એમને લગ્ન માટે સમજાવતાં જ રહેતાં હતાં.

એકવાર આ જ રીતે આગ્રહ કરતાં કરતાં એમણે રામદાસને લગ્ન માટે જબરદસ્તીથી 'હા' કહેવડાવી દીધું. ત્યારે માતાએ એક બ્રાહ્મણ કન્યા સાથે એમનો સંબંધ નક્કી કરી દીધો. નક્કી કરેલ તિથિએ ઘરના લોકો જાન સાથે કન્યાના ઘરે પહોંચ્યા અને લગ્નનો કાર્યક્રમ શરૂ થયો. જ્યારે અંતરપટ પકડ્યા પછી લગ્નના ફેરાનો સમય આવ્યો ત્યારે બ્રાહ્મણોએ એક સાથે 'સાવધાન' શબ્દનું ઉચ્ચારણ કર્યું. રામદાસના મનમાં વિચાર આવ્યો કે આ લોકો આટલા મોટેથી 'સાવધાન' કેમ કહી રહ્યા છે ? શું આનો અર્થ એ થાય છે કે હવે હું એક એવા બંધનમાં બંધાઈ રહ્યો છું, જેનાથી મરતાં સુધી છુટકારો નહિ મળે ? આવો વિચાર આવવાથી તેમની મનોવૃત્તિ અચાનક બદલાઈ ગઈ અને તેઓ લગ્નમંડપમાંથી ઊઠીને એકદમ ભાગ્યા. કેટલાક લોકો તેમને પકડવા માટે દોડ્યા, પરંતુ એ 'હનુમાનભક્ત'ને કોણ પકડી શકે ? આ ખબર મળતાં જ તેમની માતા જ્યારે દુ:ખી થઈ ગઈ ત્યારે મોટાભાઈએ સમજાવ્યું કે "રામદાસ જ્યાં રહેશે ત્યાં ખુશ રહેશે, તમે તેની વધારે ચિંતા કરશો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નહિ. એણે ધર્મસાધનાનો દૃઢ નિર્ણય કરી લીધો છે, આથી લગ્ન માટે તેની પાછળ પડવું યોગ્ય નથી."

## પંચવટીમાં સાધના

આ ઘટના પછી રામદાસે જીવનસાધનામાં લાગી જવાનું જરૂરી માન્યું અને તેઓ ગામથી કેટલાય માઈલની યાત્રા કરીને પ્રસિદ્ધ તીર્થ પંચવટી (નાસિક) પહોંચી ગયા. આ ગોદાવરીના તટે આવેલું ભગવાન રામનું પ્રસિદ્ધ તીર્થ છે. ત્યાં તેઓ હ'ટાકલી' નામના સ્થળે રહી જપતપ અને ભજન કરવા લાગ્યા. તેઓ સવારથી બપોર સુધી ગોદાવરીના જળમાં રહી ગાયત્રીના જપ કરતા હતા. બપોર પછી ભિક્ષા માગી ભોજન કરતા તથા ભજન અને જપમાં લાગી જતા. આ રીતે બાર વર્ષ સુધી તપ કરી એમણે ગાયત્રીનાં કેટલાંય પુરશ્ચરણ કરી નાખ્યાં.

આ તપસ્યાના ફળથી તેમની આત્મિક શક્તિ એટલી વધી ગઈ હતી કે એ વિશે એક ઘટના પ્રસિદ્ધ છે. એમની તપોભૂમિ ટાકલીની પાસે જ 'દશકપેચક' ગામમાં એક તલાટી રહેતો હતો. તેને ક્ષયરોગ થઈ ગયો અને હાલત ખરાબ થતાં  એક દિવસ તે બેહોશ બની ગયો. લોકોએ તેને મરેલો સમજી તેના અંતિમ સંસ્કારની વ્યવસ્થા કરી અને તેની અર્થી કાઢી ગોદાવરીના કિનારે લઈ જવા લાગ્યા. તેની યુવાન પત્ની પણ સતી થવાની ઇચ્છાથી તેની પાછળ પાછળ જઈ રહી હતી. રસ્તામાં જ સમર્થ ગુરુ રામદાસની ગુફા આવી અને તે સ્ત્રીએ મહાત્મા સમજી નજીક જઈ પ્રણામ કર્યા. એમણે પરિસ્થિતિ ન જાણવાના કારણે સામાન્ય ભાવે આશીર્વાદ આપી દીધો, "સૌભાગ્યવતી ભવ, પુત્રવતી થાવ". આ સાંભળી સ્ત્રીએ પતિનો દેહાંત થવાની વાત કહી, પરંતુ રામદાસે સ્ત્રીનાં લક્ષણ જોઈ સમજી લીધું કે આ વિધવા ન હોઈ શકે. આથી એમણે કહ્યું કે તમારો પતિ મરી ન શકે. તેનું ફરીથી સારી રીતે નિરીક્ષણ કરો.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આથી લોકોએ ધ્યાનથી જોયું, તો તેનામાં જીવનનાં લક્ષણો જોયાં. કેટલાક ઉપચાર કરવાથી તે હોશમાં આવ્યો અને પછી ધીરે ધીરે સ્વસ્થ પણ થઈ ગયો. કેટલાંક વર્ષ પછી તેને જે પ્રથમ પુત્ર થયો તેને સમર્થ ગુરુનો શિષ્ય બનાવી દીધો. આગળ જતાં ઉદ્ધવ ગોસ્વામીના નામે તે તેમનો મુખ્ય શિષ્ય બન્યો.

## દેશભ્રમણ તથા સામાજિક સ્થિતિનું નિરીક્ષણ

બાર વર્ષ સુધી ટાકલીમાં તપસ્યા કરીને સમર્થ ગુરુ રામદાસે શરીર અને મન પર પૂર્ણ નિયંત્રણ મેળવી લીધું. ત્યારપછી તેઓ લોકકલ્યાણ તથા ધર્મસ્થાપના માટે સ્વદેશની સ્થિતિનું નિરીક્ષણ કરવા બહાર નીકળ્યા. પ્રાચીન સમયમાં જ્યારે રેલવે, તાર, જહાજ, વર્તમાનપત્ર, પ્રેસ વગેરેનો સંપૂર્ણ અભાવ હતો ત્યારે જનતાનું નેતૃત્વ કરતા મહાપુરુષોએ સમગ્ર દેશમાં ફરી સમાજ તથા ધર્મનું નિરીક્ષણ કરવાનું અનિવાર્ય બનતું હતું. જો કે એ માટે લાંબા અને મુશ્કેલ રસ્તાઓ પર પગપાળા ચાલવું, જ્યારે જેવું ભોજન મળે તેનાથી સંતોષ માનવો , બેચાર દિવસ ન મળે તો પણ વ્યાકુળ ન થવું, ઠંડી, ગરમી, વરસાદ, વાવાઝોડું, તોફાન વગેરે બધા પ્રકારની પ્રાકૃતિક કઠોરતાઓ સહન કરવી, જુદા જુદા પ્રાંતોના નિવાસીઓ સાથે વ્યવહાર કરવો તથા હળમળીને કામ પાર પાડવું વગેરે અનેક પ્રકારની મુશ્કેલીઓ સહન કરવી પડતી હતી, પરંતુ આ રીતે દેશની સાચી સ્થિતિનો જે પરિચય થતો હતો અને દૂરદૂરનાં સ્થળો સાથે સંપર્ક સ્થપાતો હતો તે આજના રેલ તથા વાહનયુગમાં શક્ય નથી. આજકાલની યાત્રાઓનું ધ્યેય મનોરંજન અને થોડીક ભૌગોલિક જાણકારી માત્ર માની શકાય, જ્યારે જૂના જમાનાની યાત્રાઓથી દેશની સામાજિક, રાજનૈતિક તથા આર્થિક બધી સમસ્યાઓનું જ્ઞાન થઈ જતું હતું. સમર્થ ગુરુ રામદાસ આ તથ્ય સારી રીતે સમજતા હતા. એમણે જ્યારે આ પ્રકારના



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભ્રમણનો નિર્ણય લીધો અને નિર્વાહ માટે ભિક્ષાવૃત્તિ અપનાવી ત્યારે એ લોકકલ્યાણ માટે સ્વીકારવામાં આવતી ભિક્ષાનું મહત્ત્વ બતાવતાં એક વખતે કહ્યું હતું –

"ભિક્ષા નિર્ભય સ્થિતિ છે. ભિક્ષાથી મહાનતા પ્રગટ થાય છે અને ઈશ્વરની પ્રાપ્તિ થાય છે. એટલું જ નહિ, તેનાથી સ્વતંત્રતા પણ મળી જાય છે. જો સ્વદેશની દશાનું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો એ માટે ભિક્ષાવૃત્તિથી વધારે મોટું અન્ય કોઈ સાધન નથી, એમાં શંકાને સ્થાન નથી. ગામ હોય કે નગર, ઘેર ઘેર જવું જોઈએ અને ભિક્ષાના બહાને નાનામોટા બધી જાતના લોકોની પરીક્ષા કરી લેવી જોઈએ. આવું કરવાથી લોકોનાં સુખદુ:ખ જાણવા મળે છે. તેમના જ્ઞાનનો લાભ પણ આપણને મળી શકે છે તથા આપણા વિચારો તેમની આગળ પ્રકટ કરવાનો અવસર મળે છે." સમર્થ ગુરુ રામદાસે ભિક્ષાની પ્રશંસા તો કરી છે, પરંતુ તે જેઓ જનસેવાનું વ્રત લઈ માત્ર જીવનરક્ષા માટે ઓછામાં ઓછાં સાધનોથી પોતાનું કામ ચલાવતા હોય એવા જ લોકો માટે છે. એમણે એ પણ કહ્યું છે કે 'જો કોઈ ભિક્ષા માટે ઘણું અન્ન લઈ આવે, તો એમાંથી એક મુઠ્ઠી લઈ બાકીનું પાછું આપી દેવું જોઈએ. અર્થાત્ સમાજની દાનરૂપી મૂડીનો દુરુપયોગ કરવો જોઈએ નહિ, પરંતુ એમાંથી પોતાના માટે ઓછામાં ઓછું લઈ પોતાનું જીવન સમાજસેવા માટે અર્પણ કરવું જોઈએ. આ રીતે સેવાધર્મનું પાલન કરનારાઓએ ભિક્ષા ગ્રહણ કરવાને સાર્થક કહી શકાય છે. આનાથી વિપરીત ભિક્ષાને મફતનો માલ સમજી પેટ ભરવાનું સાધન બનાવી લેવું એ તો મહાન નિંદનીય કર્મ અને હરામખોરી જ છે."

જૂના જમાનામાં જેટલા પણ સંતો અને ધર્મસંસ્થાપકો થયા હતા, તે બધાએ આવી જ યાત્રાઓ કરી હતી. આદ્ય શંકરાચાર્ય જો કે બત્રીસ વર્ષની નાની ઉંમર સુધી જ જીવતા રહ્યા, પરંતુ એમણે પોતાનું સંપૂર્ણ જીવન યાત્રા કરવામાં જ વિતાવ્યું અને ભારતના



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એકે એક ખૂણે ફરી વળ્યા. આના પરિણામે એમને તેમની ધર્મસંસ્થાને એવી દૃઢ અને દેશવ્યાપી સંગઠન બનાવવામાં સફળતા મળી, જે બારસો વર્ષથી સારી રીતે ટકી રહી છે અને આજે પણ દેશમાં તેનો પ્રભાવ જોવા મળે છે. રામભક્તિના મહાન પ્રચારક ગોસ્વામી તુલસીદાસજીએ દૂર દૂરની યાત્રાઓ કરીને એ અનુભવ મેળવ્યો હતો, જેના આધારે 'રામચરિત માનસ' જેવો અમર ગ્રંથ લખી શકાયો. ગુરુનાનકદેવે તો સૌથી વધારે યાત્રાઓ કરી હતી. એમણે ભારતના દરેક ભાગની યાત્રાઓ કરી. એટલું જ નહિ, તેઓ ઈરાન અને મક્કા સુધી પહોંચ્યા હતા. મહાપ્રભુ ચૈતન્યએ પણ સમાજોદ્ધારનું કાર્ય કરતા પહેલાં દક્ષિણ અને પશ્ચિમનાં બધાં તીર્થોની યાત્રાઓ કરી લીધી હતી. વર્તમાન સમયમાં સ્વામી વિવેકાનંદે દેશ તથા વિદેશોમાં ભારતીય સંસ્કૃતિનો ધ્વજ લહેરાવતા પહેલાં સમગ્ર ભારતનું ભ્રમણ કરી દેશ અને સમાજની દશાનું ગંભીરતાથી નિરીક્ષણ કર્યું હતું.

## વિભિન્ન તીર્થોની યાત્રા

સમર્થ ગુરુ રામદાસના જીવનચરિત્રમાં તેમના દેશભ્રમણનું જે વૃત્તાંત આપવામાં આવ્યું છે, તેનાથી જાણવા મળે છે કે એમણે સૌપ્રથમ હિંદુધર્મના કેન્દ્રસ્વરૂપ કાશીની યાત્રા કરી. ત્યાં જ્યારે તેઓ વિશ્વનાથજીના મંદિરમાં પહોંચ્યા ત્યારે ત્યાંના કેટલાક પૂજારીઓએ તેમની વેશભૂષા જોઈ તેમને બ્રાહ્મણો કરતાં જુદી જાતિનો કોઈ વૈરાગી સમજી લીધા. આથી એમણે શિવજીની મૂર્તિ નજીક જવાનો વિરોધ કર્યો. આમ થતાં "સારું, રામચંદ્રની ઇચ્છા" આમ કહી તેઓ શિવજી તથા પૂજારીઓને સાષ્ટાંગ દંડવત્ કરી પાછા વળ્યા. એમ કહેવાય છે કે તેમના બહાર નીકળવાની સાથે જ પૂજારીઓને શિવજીની મૂર્તિ દેખાતી બંધ થઈ ગઈ. આ જોઈ તેઓ ગભરાઈ ગયા અને દોડીને સમર્થ ગુરુની ક્ષમા માગી. જ્યારે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેઓ ફરીથી મંદિરમાં આવ્યા ત્યારે મૂર્તિ ફરીથી દેખાવા લાગી. આ ચમત્કાર જેવી ઘટનાથી કાશીમાં તેમનું સન્માન થવા લાગ્યું તથા એમણે એક ઘાટ પર હનુમાનજીની મૂર્તિની સ્થાપના કરાવી. તેઓ પ્રયાગ અને ગયા પણ ગયા અને પછી અયોધ્યા પહોંચ્યા, જે તેમના મુખ્ય ઈષ્ટદેવ શ્રી રામચંદ્રજીનું લીલાસ્થળ હતું. ત્યાં થોડોક સમય રોકાઈ વૈરાગી સમુદાયની વ્યવસ્થા પર ધ્યાન આપ્યું. પછી મથુરા, વૃંદાવન વગેરે વ્રજનાં તીર્થો જોતાં દ્વારકા જઈ પહોંચ્યા. ત્યાં એમણે એક રામમંદિરની સ્થાપના કરી એક મહંતને નિયુક્ત કરી દીધો. આ રીતે પ્રભાસક્ષેત્રમાં રામદાસી મઠની સ્થાપના કરી લોકોને પરમાર્થ માર્ગનો ઉપદેશ આપ્યો.

પંજાબનું ભ્રમણ કરીને તેઓ શ્રીનગર (કાશ્મીર) પહોંચ્યા. ત્યાં નાનકપંથના સાધુઓએ તેમનો ખૂબ આદરસત્કાર કર્યો. તેમના વ્યાવહારિક અધ્યાત્મના ઉપદેશોથી તેઓ ખૂબ પ્રભાવિત થયા તથા એમને મંત્રદીક્ષા આપવાની વિનંતી કરી. સમર્થ ગુરુ રામદાસ આ રીતે અકારણ ચેલાઓની સંખ્યા વધારવાનું અનુચિત માનતા હતા. આથી એમણે એ સાધુઓને કહ્યું કે આપના ગુરુ નાનકદેવ એવા મહાન પુરુષ હતા, જેમણે મુસલમાનો પાસે પણ 'રામરામ' કહેવડાવ્યું હતું. તેમનો ઉપદેશ કોઈ રીતે નાનો નથી. આપ તેને જ પોતાના જીવનમાં સાર્થક કરશો તો બહુ મોટું કાર્ય થઈ શકશે. ત્યાંથી તેઓ ચાલતા હિમાલયમાં કેદારનાથ અને બદરીનાથની યાત્રા કરીને એક ખૂબ ઊંચા શિખરે પહોંચ્યા, જ્યાં હનુમાનજીનું 'શ્વેત મારુતિ' નામનું સ્થાન કહેવાય છે. હિમાલયની યાત્રા આજે પણ ખૂબ મુશ્કેલ છે અને ઘણાં સ્થળોની યાત્રા કરતાં જીવનું જોખમ સ્પષ્ટ જણાય છે, પરંતુ સમર્થ ગુરુ રામદાસ તે જમાનામાં જ્યારે યાત્રાનાં આજનાં સાધનોમાંથી એક પણ ન હતું ત્યારે તેમની સહનશક્તિના પ્રભાવે ત્યાંનાં વિકટ સ્થળોએ ભ્રમણ કરી આવ્યા. તેઓ તેમના બધા અનુયાયીઓને પણ શરૂઆતની અવસ્થામાં



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સંયમ, નિયમ, બ્રહ્મચર્ય તથા તપસ્યાનું જીવન વિતાવવાનો ઉપદેશ આપતા હતા, જેથી આગામી જીવનમાં સાંસારિક મુશ્કેલીઓનો સામનો સારી રીતે કરી શકાય.

ઉત્તરાખંડની યાત્રા કરી તેઓ જગન્નાથજી પહોંચ્યા. પદ્મનાભ નામના બ્રાહ્મણને સુયોગ્ય સમજી ત્યાં પણ શ્રીરામ મંદિરની સ્થાપના કરી અને તેને વ્યવસ્થાપક બનાવી દીધો. પછી પૂર્વના સમુદ્રકિનારે ચાલતાં ચાલતાં રામેશ્વરનાં દર્શન કર્યાં અને ત્યાંથી લંકા પહોંચી ગયા. ત્યાં એમણે રામભક્ત હનુમાન, વિભીષણ વગેરેનું સ્મરણ કર્યું અને તે વિશે કેટલાંક કાવ્યોની રચના કરી. લંકાથી પાછા આવી ભારતના પશ્ચિમ કિનારે થઈને કેરળ, મૈસુર, કર્ણાટક વગેરે પ્રદેશો જોતા મહારાષ્ટ્રમાં આવી ગયા. અહીં તેમણે ગોકર્ણ, વ્યંકટેશ, મલ્લિકાર્જુન, બાળનરસિંહ, પાલન-નરસિંહ વગેરે પ્રસિદ્ધ મૂર્તિઓનાં દર્શન કર્યાં. એ પછી પંપાસર, ઋષ્યમૂક, કરવીર ક્ષેત્ર, પંઢરપુર વગેરે થઈ પંચવટી પાછા આવ્યા.

સમર્થ ગુરુ રામદાસનાં બાર વર્ષ બાલ્યાવસ્થામાં વ્યતીત થયાં, જેમાં રમતગમતમાં ભાગ લઈ શરીર તથા સહજ બુદ્ધિનો પૂર્ણ વિકાસ કર્યો. પછી બાર વર્ષ તપસ્યા કરી મન પર સંપૂર્ણ નિયંત્રણ સ્થાપીને આધ્યાત્મિક શક્તિ મેળવી. તે પછી ૧૩ વર્ષ સુધી ભારતના બધા ભાગોમાં ભ્રમણ કરી દેશનું નિરીક્ષણ કર્યું, પતન અને પરાધીનતાનાં કારણોની તપાસ કરી. દરેક સ્થળે ત્યાંના મુખ્ય વિચારવાન સજ્જનોને મળ્યા તથા તેમની સાથે વિચારવિનિમય કર્યો. આ રીતે દેશના જુદા જુદા ભાગોની સ્થિતિનું જાતે નિરીક્ષણ કરવાથી તથા બીજાની સંમતિ સાંભળવાથી તેમને તત્કાલીન પરિસ્થિતિનું ખૂબ જ સારું જ્ઞાન થઈ ગયું. એમણે જે કારણોથી હિંદુ જાતિની દિવસે દિવસે અધોગતિ થતી હતી તેની પણ શોધ કરી. જો કે તેઓ તે વખતે સર્વવ્યાપી સાધુના વેશમાં હતા, પરંતુ જનતાની મનોવૃત્તિનું વિશ્લેષણ કરી એમણે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એવો નિર્ણય કર્યો કે આ સમયમાં હિંદુઓને નિવૃત્તિમાર્ગના બદલે પ્રવૃત્તિમાર્ગનું સ્વરૂપ બતાવવાનું તથા તેનાં કર્તવ્યોનું સારી રીતે પાલન કરવાની પ્રેરણા આપવાનું અતિ આવશ્યક છે. જે લોકો જગતને મિથ્યા કહી ક્યાં એકાંતમાં જઈ બેસી જાય છે તેઓ દેશ તથા ધર્મના ઉદ્ધારની દૃષ્ટિએ બધી રીતે અયોગ્ય છે. તે વખતે જેઓ વિપરીત પરિસ્થિતિઓ સાથે સંઘર્ષ કરવા માટે સ્વયં તૈયાર હોય તથા બીજાઓને પણ તેવી પ્રેરણા આપી શકે એવા કર્મવીરોની જરૂર હતી.

## જનતાનું સંગઠન

સમર્થ ગુરુએ તેમના આ કાર્યક્રમની પૂર્તિ માટે સૌપ્રથમ દેશમાં અને એમાંય વિશેષતઃ મહારાષ્ટ્રમાં એક વિશાળ અને સુદૃઢ સંગઠન બનાવવાની યોજના અમલમાં મૂકી. તેઓ ચારે તરફ ફરીને હનુમાનજીનાં મંદિરો અને તેની સાથે શારીરિક વ્યાયામ કરવા માટે અખાડાઓની સ્થાપના કરવા લાગ્યા. ખાસ સ્થળોએ એમણે 'રામદાસી મઠ'ની શાખાઓ પણ સ્થાપી, જેમનું કામ આસપાસની કાર્યવાહીઓનું સંચાલન કરવાનું હતું. કહેવાય છે કે આ રીતે એમણે મહારાષ્ટ્રમાં સાતસોથી આઠસો અખાડાઓ અને મંદિરોની સ્થાપના કરી હતી. એનાથી એ સમગ્ર પ્રદેશમાં જાગૃતિની લહેર ફેલાઈ ગઈ અને લોકો પોતાના દેશ તથા ધર્મના રક્ષણ માટે તત્પર થવા લાગ્યા. ઈતિહાસકારોનો મત છે કે સમર્થ ગુરુ રામદાસે ભારતીય સમાજમાં માત્ર 'સ્વરાજ્ય'ની ભાવના જ ફેલાવી ન હતી, પરંતુ યોજનાબદ્ધ રીતે તે ભાવનાને કાર્યરૂપે પણ અમલમાં મૂકી બતાવી. શિવાજી મહારાજે જ્યારે મહારાષ્ટ્રને મોગલ બાદશાહ અને બીજાપુરના સુલતાનની સત્તામાંથી સ્વતંત્ર કરાવવા માટે યુદ્ધની ઘોષણા કરી ત્યારે સમર્થ ગુરુના દેશવ્યાપી પ્રચારના પરિણામે જ એમને સેના માટે લાખો શૂરવીર સિપાઈઓ તથા અન્ય પ્રકારની મદદ પ્રાપ્ત થઈ હતી.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સમર્થ ગુરુ રામદાસ સંસારનો ત્યાગ કરી સાધુ બની ગયા હતા અને તેમનો મુખ્ય ઉદ્દેશ્ય પરમાત્માનું સાંનિધ્ય પ્રાપ્ત કરવાનો જ હતો, છતાં તેઓ એ પણ કહેતા હતા કે મનુષ્ય ભલે ગમે તેટલો મોટો જ્ઞાની બની જાય, તેના માટે ભલે કર્મ-અકર્મનો કોઈ પ્રકારનો ભેદ ન રહે, પરંતુ સાંસારિક કર્તવ્યોનો ત્યાગ કરવો જોઈએ નહિ. આ વિશે તેઓ 'ગીતા'ના આ સિદ્ધાંતને માનતા હતા -

**સક્તાઃ કર્મણ્યવિદ્વાંસો યથા કુર્વન્તિ ભારત ।**
**કુર્યાદ્વિદ્વાંસ્તથાઽસક્તશ્ચિકીર્ષુર્લોકસંગ્રહમ્ ॥**
**ન બુદ્ધિભેદં જનયેદજ્ઞાનાં કર્મસંગિનામ્ ।**
**જોષયેત્સર્વકર્માણિ વિદ્વાન્યુક્તઃ સમાચરન્ ॥** (-૩/૨૫-૨૬)

"હે અર્જુન ! કર્મમાં આસક્ત થયેલ સાંસારિક લોકો જેવાં કર્મ કરે છે તે જ રીતે અનાસક્ત થયેલ વિદ્વાન પણ લોકશિક્ષણના ઉદ્દેશ્યથી કર્મ કરતો રહે. તેણે એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે આસક્ત ભાવે કર્મ કરનારા 'અજ્ઞાનીઓ'ની બુદ્ધિમાં તેના ઉદાહરણને જોઈ કોઈ પ્રકારનો ભ્રમ પેદા ન થવો જોઈએ. આથી તેણે પરમાત્મતત્ત્વ જાણવા છતાં સમગ્ર કર્મો યોગ્ય રીતે કરવાં જોઈએ તથા બીજા પાસેથી પણ કરાવવાં જોઈએ."

આ સિદ્ધાંત અનુસાર સમર્થ ગુરુ રામદાસે સંસારથી પૂર્ણ વિરક્ત થયા હોવા છતાં રાષ્ટ્રહિતનાં મોટાં મોટાં કાર્યો સિદ્ધ કરાવ્યાં. જો કે તેઓ પોતાના માટે એક કોપીન, પાવડીઓ અને માળા સિવાય કોઈ સામગ્રી રાખતા ન હતા, પરંતુ હિંદુજાતિના રક્ષણ માટે એમણે મહારાજ શિવાજીના રાજ્ય સ્થાપવાના કાર્યમાં દરેક રીતે સહકાર આપ્યો. શ્રી મહાદેવ ગોવિંદ રાનડે તથા શ્રી રાજવાડે જેવા મહારાષ્ટ્રના ઇતિહાસનું સંશોધન કરનાર વિદ્વાનોનું કહેવું છે કે "મહારાષ્ટ્ર રાજ્યના વાસ્તવિક સંસ્થાપક સમર્થ ગુરુ રામદાસ જ હતા. તેમની તુલનામાં શિવાજી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નિમિત્તમાત્ર છે. સમર્થ ગુરુએ જો તેમના પ્રચારકાર્ય દ્વારા જનતામાં હિંદુત્વની ઊંડી ભાવના જાગૃત ન કરી હોત અને પછી પણ તેઓ હંમેશાં લોકોને પ્રેરણા ન આપતા હોત તો મહારાજ શિવાજીના કાર્યક્રમો સફળ થવાનું અશક્ય જ હતું."

## માતા સાથે મુલાકાત

સમર્થ ગુરુ રામદાસ તેમની માતાની ઇચ્છાનો ભંગ કરી લગ્નમંડપમાંથી ભાગી ગયા હતા. આથી તેઓ ખૂબ દુઃખી થયાં અને પુત્રવિયોગમાં રડતાં રડતાં આંધળાં થઈ ગયાં હતાં. સમર્થ ગુરુને પણ તેમનો ખ્યાલ હતો, પરંતુ કર્તવ્યપાલનના વિચારથી તેઓ પોતાના ઘેર જતા ન હતા. જ્યારે બાર વર્ષની તપસ્યા અને બાર વર્ષની યાત્રા કરી પોતાના નિવાસસ્થળે પાછા આવ્યા ત્યારે એકવાર પૈઠણની યાત્રાએ જતી વખતે તેમના ગામ 'આંબ'માં પહોંચી ગયા અને ઘરના દરવાજા સામે જઈ 'જય જય રઘુવીર સમર્થ'નો પોકાર કર્યો. ઘરની અંદરથી તેમની માતાએ વહુને આદેશ આપ્યો કે વૈરાગીને ભિક્ષા આપી આવો, પરંતુ સમર્થ ગુરુએ આગળ વધતાં કહ્યું કે 'અન્ય વૈરાગીઓની જેમ ભિક્ષા લઈને પાછો જતો રહે એવો આજનો આ વૈરાગી નથી." આ વખતે માતાએ પોતાના પુત્રનો અવાજ ઓળખી લીધો અને કહેવા લાગ્યાં "શું નારાયણ આવ્યો છે ? " રામદાસજી માતાનાં ચરણોમાં ઝૂકી ગયા અને માતાએ પણ તેમને ઊભા કર્યા અને પ્રેમથી માથા પર અને મુખ પર હાથ ફેરવવા લાગ્યાં. એમણે રામદાસજીની જટા અને દાઢીનો સ્પર્શ કરી કહ્યું, "અરે નારાયણ ! તું આટલો મોટો થઈ ગયો ? હાય ! મને તો આંખે કશું દેખાતું નથી કે મારા પુત્રને સારી રીતે જોઈ શકું." આ સાંભળી શ્રી સમર્થે માતાનાં ચરણોમાં પ્રણામ કર્યાં અને તેમના માથા પર હાથ ફેરવ્યો, જેથી તેમને જોવાની શક્તિ મળી ગઈ. માતાને ખૂબ આશ્ચર્ય થયું અને કહેવા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લાગ્યાં, "બેટા ! આ તો તેં કોઈ સારું ભૂત સિદ્ધ કરી લીધું છે." સમર્થ ગુરુએ કહ્યું, "માતાજી ! મેં એ જ ભૂતને સિદ્ધ કર્યો છે, જે અયોધ્યામાં આનંદમંગલ કરતો હતો અને જેણે ગોકુળ-વૃંદાવનમાં ઘણી આશ્ચર્યજનક લીલાઓ કરી હતી. એ જ ભૂતે રાવણ અને કંસનો વધ કર્યો હતો અને દેવતાઓને બંધનમાંથી છોડાવ્યા હતા. મેં સમગ્ર 'ભૂતોના પ્રાણ એવા ભૂત' ને વશમાં કરી લીધો છે." એ પછી તેઓ ઘણા દિવસ ત્યાં રોકાયા તથા તેમના મોટા ભાઈ 'શ્રેષ્ઠ' સાથે આધ્યાત્મિક વિષયો પર ચર્ચા કરતા રહ્યા. જ્યારે ફરીથી ભ્રમણ માટે ઘરેથી નીકળવા લાગ્યા ત્યારે માતાને ખૂબ શોક થયો. આથી સમર્થે એમને ભાગવતમાં વર્ણવેલ એ જ આત્મજ્ઞાન સંભળાવ્યું, જે કપિલમુનિએ તેમની માતાને કહ્યું હતું. માતાએ તેમના જીવનકાર્યના મહત્ત્વને સમજી લીધું અને તેમને શાંતિ પ્રાપ્ત થઈ ગઈ.

## સમાજનું રક્ષણ મુખ્ય કર્તવ્ય છે

વિદેશી હુમલાઓ તથા વિધર્મી શાસકોના દમન અને અત્યાચારોથી જર્જર થયેલ હિંદુજાતિમાં ફરીથી નવજીવનનો સંચાર કરવાનો સમર્થ ગુરુના જીવનનો ઉદ્દેશ્ય હતો. તે સમયે લગભગ પાંચથી છસો વર્ષની ગુલામીના કારણે હિંદુ જનતાનો આત્મવિશ્વાસ ખૂબ ઓછો થઈ ગયો હતો અને તેઓ પરસ્પરના ભેદ તથા સંગઠનના અભાવે પોતાને મુસલમાનો કરતાં હીન અનુભવવા લાગ્યા હતા. હિંદુઓમાં અપ્રત્યક્ષ રૂપે મુસલમાનોની સંસ્કૃતિ, સભ્યતા અને ઘણા રીતરિવાજોનો પ્રવેશ થઈ ગયો હતો તથા એનાથી હિંદુ ધર્મમાં અનેક પ્રકારની વિકૃતિઓ પેદા થવા લાગી હતી.

સમર્થ ગુરુ રામદાસે દેશમાં બાર વર્ષ સુધી ભ્રમણ કરીને તથા દરેક વર્ગ અને સ્તરની વ્યક્તિ સાથે મળીને આ પરિસ્થિતિને પૂર્ણતઃ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જાણી લીધી હતી. જ્યારે તેઓ ભ્રમણ પૂર્ણ કરી આશ્રમમાં સ્થિર થઈને બેઠા ત્યારે હિંદુજાતિના પુનરુદ્ધારની સમસ્યા પર ગંભીરતાથી વિચાર કરવા લાગ્યા. અંતે તેઓ એ નિર્ણય પર પહોંચ્યા કે હિંદુઓમાં જે આત્મહીનતા અને ભેદભાવનો દોષ પેદા થઈ ગયો છે તેને સૌપ્રથમ દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. એ માટે સંગઠનની મુખ્ય જરૂર હતી. આ ઉદ્દેશ્યની પૂર્તિ માટે ભ્રમણકાળમાં જ સાધુ, કાર્યકર્તાઓ, મંદિરો અને મઠોની સ્થાપનાનું કાર્ય એમણે શરૂ કરી દીધું હતું. પછી જ્યારે તેઓ કર્મક્ષેત્રમાં પ્રવૃત્ત થયા ત્યારે એમણે થોડાંક વર્ષોમાં આવાં સંગઠન કેન્દ્રો ઊભાં કરી દીધાં હતાં, પરંતુ આ બધું થવા છતાં તેઓ સમજતા હતા કે સામાન્ય જનતા અને ગૃહસ્થો જાગૃત તથા કર્તવ્યનિષ્ઠ બન્યા વિના આ કાર્યમાં દૃઢતા અને સ્થાયીત્વ આવી શકે નહિ. આ માટે એમણે પોતાના ઉપદેશોમાં ગૃહસ્થોને સંબોધતાં કહ્યું છે -

"ઘણા વર્ણો તથા આશ્રમોનું ઉદ્‌ગમસ્થાન ગૃહસ્થાશ્રમ જ છે, જેમાં ત્રણેય લોકનાં પ્રાણીઓને આરામ મળે છે. દેવ, ઋષિ, મુનિ, યોગી, તપસ્વી, વીતરાગ, પિતૃ, આદિ, અતિથિ, અભ્યાગત આ બધા ગૃહસ્થાશ્રમમાંથી જ ઉત્પન્ન થાય છે. જો કે આ લોકો તેમનો આશ્રમ છોડી નીકળી જાય છે, છતાં તેઓ આશ્રિત રૂપે ગૃહસ્થનાં ઘરોમાં જ ફરે છે. આથી ગૃહસ્થાશ્રમ જ દેવઆશ્રમોથી ચઢિયાતો છે, પરંતુ આ આશ્રમમાં રહીને પોતાના કર્તવ્યનું પાલન તથા બધાં પ્રાણીઓ પર ઉપકાર કરવો જોઈએ."

સમર્થ ગુરુ જપ, ભજન, સાધના, પુરશ્ચરણ વગેરેને પણ આત્મિક ઉન્નતિ માટે જરૂરી માનતા હતા અને તેઓ સ્વયં પણ હઠપૂર્વક ગૃહસ્થનો ત્યાગ કરી વૈરાગી બની ગયા હતા, પરંતુ તેમના મતે જેઓ જીવનધર્મ તથા સમાજની સેવા માટે ત્યાગ કરવાની દૃઢ ભાવના અને ક્ષમતા ધરાવતા હોય તેમને આ માર્ગનું અનુસરણ કરવાનો હક છે. જે લોકો ધૂન કે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મૂર્ખતાના આવેશમાં આવી સાધુ કે વૈરાગી બને છે તેમની એમણે સ્પષ્ટ શબ્દોમાં નિંદા કરી છે. તેમના મુખ્ય ગ્રંથ 'દાસબોધ'માં એક સ્થળે તેઓ કહે છે -

"પાગલ લોકો ઘરગૃહસ્થીનો ત્યાગ કરી માત્ર દુ:ખ ભોગવતાં મરી જાય છે અને ઈહલોક તથા પરલોક બંનેનો નાશ કરી નાખે છે. આવા લોકો આવેશમાં આવી ઘરમાંથી તો નીકળી જાય છે, પરંતુ લડવા-ઝઘડવામાં જ તેમના જીવનનો અંત આવી જાય છે. તેઓ બીજા ઘણા લોકોને દુ:ખ આપે છે અને પોતે પણ દુ:ખ ભોગવે છે. તેઓ ઘરમાંથી નીકળી તો જાય છે, પરંતુ તેમ છતાં અજ્ઞાની જ રહે છે. તેમની પાછળ બીજા ઘણા લોકો પણ જાય છે અને તેમના ચેલા બની જાય છે, પરંતુ ગુરુ અને શિષ્ય સમાનરૂપે અજ્ઞાની જ રહે છે. એ જ રીતે જેઓ કોઈ આશા કે સ્વાર્થની લાલચે ઘર છોડી નીકળી જાય છે અને બીજા લોકોમાં પણ દુરાચાર ફેલાવે છે, જે લોકો અન્ન અને ધનના અભાવના કારણે ઘરમાંથી નીકળી જાય છે તેઓ જ્યાં જાય ત્યાં ચોરી કરી માર ખાય છે. જેનામાં સ્વયં વિવેક ન હોય તે બીજાને શું જ્ઞાન આપી શકે ? તે ઘેર ઘેર ભીખ માગતો ફરશે અને તેને ભીખ પણ નહિ મળે, પરંતુ જે સમાજની દશા સમજે છે, દેશકાળ અને પરિસ્થિતિને ઓળખે છે તેને પૃથ્વી પર ક્યાંય કોઈ જાતની ઊણપ ન હોઈ શકે."

આ રીતે સમર્થ ગુરુએ ગૃહસ્થ અને સાધુ બંનેને તેમનાં કર્તવ્યોનો ઉપદેશ આપ્યો. સાચા ગૃહસ્થોને તો તેઓ સમાજનો મૂળ આધાર માનતા હતા અને દેશના ઉદ્ધારના કાર્યમાં તેમનો સહકાર અનિવાર્ય જ હતો, પરંતુ તેમણે સાધુવર્ગને સ્પષ્ટ રૂપે એ બતાવી દીધું કે જો તેઓ ધર્મ અને સમાજસેવાની ભાવનાથી તેનું રક્ષણ અને ઉન્નતિના કામમાં પોતાનું સર્વસ્વ અર્પણ કરવાનું વ્રત લઈ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરે છે ત્યારે તો તેમના આ કાર્યને સુયોગ્ય અને પ્રશંસાપાત્ર



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કહી શકાય છે, નહિ તો તેમને પાગલ, ઢોંગી કે પેટ ભરવા માટે રખડતા ભિખારી જ માનવામાં આવશે.

આગળ જતાં સમર્થ ગુરુએ આ વિષયને વધારે સ્પષ્ટ કરી દીધો છે કે ધર્મના રક્ષણ નિમિત્તે સાધુ બની ઉદરનિર્વાહ માટે ભિક્ષા ગ્રહણ કરવી ખરાબ નથી, પરંતુ આમ ત્યારે જ કહી શકાય કે જ્યારે સમાજ પાસેથી થોડુંક લઈ બદલામાં તેની વધુમાં વધુ સેવા કરવામાં આવે. સાચું પૂછો તો આવા સમાજસેવીને આજે પણ પેટ ભરવા માટે ચિંતા કરવી પડતી નથી. તે ઈચ્છે તો ગૃહસ્થ જ રહે અને ઈચ્છે તો સાધુઆશ્રમમાં રહે. સમાજ તેના સાચા સેવકોને ઓળખે છે અને તેના ભરણપોષણની વ્યવસ્થા માગ્યા વિના જ કોઈ રૂપે અવશ્ય કરે છે. સમર્થ ગુરુએ 'ભિક્ષા' ની ચર્ચા કરતાં કહ્યું છે –

"ભિક્ષા માગીને ખાનાર 'નિરાહારી' કહેવાય છે અને પ્રતિગ્રહના દોષથી બચી જાય છે. જે કોઈ સંત કે અસંતના ઘરેથી લૂખું સૂકું અન્ન માગીને ભોજન કરે છે, તે જાણે નિત્ય અમૃત ખાય છે. એણે થોડીક ભિક્ષા મળે તેનાથી જ સંતોષ માનવો જોઈએ. જો કોઈ ઘણું અન્ન લઈ આવે તો એમાંથી માત્ર એક મુઠ્ઠી જ લેવું જોઈએ. ભિક્ષા માટે કેટલાંક ખાસ ઘરો નક્કી કરી લેવાં તે યોગ્ય ન ગણાય."

વિચારવા જેવી બાબત છે કે આજકાલના ભિખારીઓ માત્ર પેટ ભરવા માટે જ ભિક્ષા માગતા નથી, પરંતુ ભિક્ષાથી મળેલ અન્ન વેચીને બીડી, તમાકુ, ગાંજો, ભાંગ, દારૂ વગેરેનું સેવન કરે છે તે કઈ શ્રેણીમાં આવે ? સાથે જ તેઓ એ પણ જાણતા નથી કે જનસેવા કે લોકોપકાર કોને કહેવાય ? આવા લોકોને જનતા પાસેથી દાન લઈને ખાવાનો જરાય અધિકાર નથી કે ન આવા લોકોને સાધુ કહી શકાય. એમને તો ઠગ, ધુતારા કે દગાબાજ કહી શકાય.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# આદર્શ સાધુ (જનસેવક)નાં લક્ષણ

સમર્થ ગુરુ રામદાસ સ્વયં સાધુ હતા તથા એમણે હજારો સાધુ બનાવ્યા. વર્તમાન સમયમાં સાધુવર્ગની અવદશા થઈ રહી છે. જો તેઓ પણ એવા જ સ્વાર્થી કે પેટ માટે ભગવાં ધારણ કરનારા હોત તો એમને નિંદાને પાત્ર માનવામાં આવત અને કોઈ તેમને યાદ પણ ન કરત. સમર્થ ગુરુનો આદર્શ એનાથી બધી રીતે ભિન્ન હતો. તેઓ પેટ ભરવા કે દુનિયાને ઠગવા માટે સાધુ બન્યા ન હતા, પરંતુ તેમનો ઉદ્દેશ્ય કુટુંબપાલનના ભારથી મુક્ત રહી પોતાની સંપૂર્ણ શક્તિ જનસેવા અને દેશના ઉદ્ધાર માટે લગાડવાનો હતો. એમણે જે મઠ અને મંદિરો સ્થાપ્યાં હતાં તેમની વ્યવસ્થા સંભાળતા સાધુઓનાં પણ આવાં જ કર્તવ્યો નક્કી કર્યાં હતાં. આ વિષયમાં 'મહંતનાં લક્ષણ' શીર્ષકવાળા અધ્યાયમાં એમણે લખ્યું છે -

"મહંતને હરિકથા નિરૂપણ, ઉત્તમ રાજનીતિ તથા વ્યવહારજ્ઞાન પણ હોવું જોઈએ. તે પૂછવાનું જાણતો હોય, કહેવું કે બતાવવું જાણતો હોય, ઘણી રીતે વ્યાખ્યાન આપવાનું જાણતો હોય તથા સૌનું સમાધાન કરવાનું જાણતો હોય એ જરૂરી છે. તેને દૂરદર્શિતાના બળે વાસ્તવિક વાતની પહેલેથી જ ખબર પડતી હોય, તે સાવધતાથી પ્રબળ તર્ક કરી શકતો હોય તથા સારી રીતે સમજીને યોગ્ય વાતોની પસંદગી કરી શકતો હોવો જોઈએ. જે આ રીતે બધાં કાર્યો કરી શકતો હોય તે જ બુદ્ધિશાળી મહંત છે. જે એકાંતમાં રહીને વિચાર કરતો હોય, સારા ગ્રંથોનું અધ્યયન કરતો હોય, મનના ગૂઢ અર્થોને સમજતો હોય તથા પ્રથમ પોતે કોઈ વાત શીખીને બીજાને શિખવાડતો હોય, તે જ મહંતની શ્રેષ્ઠ પદવી મેળવે છે અને વિવેકના બળે સાંસારિક કષ્ટો તથા ઝઘડાઓમાં ફસાયેલા લોકોનો ઉદ્ધાર કરે છે. તેનું લખવું, વાંચવું, બોલવું, ચાલવું બધું સુંદર હોય છે અને ભક્તિ, જ્ઞાન તથા વૈરાગ્યની બધી વાતો તે સારી રીતે જાણે છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેને પ્રયત્ન કરવાનું ખૂબ ગમે છે, તે ઘણા કાર્યક્રમોમાં જાય છે અને સાહસિકતાથી આગળ વધે છે."

આ રીતે કોઈ મઠની અધ્યક્ષતા કરતા સાધુની એમણે જે કલ્પના કરી છે તે હાલના સમયના કોઈ સમાજસેવી નેતાને મેળ ખાતી હોય તેવી જ છે. આવા લોકો સાધુના વેશમાં રહેતા હોવા છતાં સમાજના સંચાલક તથા માર્ગદર્શક હોય છે.રામદાસના સાધુઓની વિશેષતા એ હતી કે આ રીતે લોકહિતનાં કાર્યોમાં ભાગ લેતા હોવા છતાં તેઓ તે નિઃસ્વાર્થ ભાવે જ કરતા હતા અને પોતે બધા પ્રકારની મોહમાયા તથા બંધનોથી દૂર રહેતા હતા. આથી એમણે મહંતને સમાજ સંચાલનની આજ્ઞા આપતાં એવી ચેતવણી પણ આપી હતી કે સાંસારિક ઝઘડાઓનું સમાધાન કરવા છતાં પોતે એમાં ફસાવું જોઈએ નહિ.

"તે બધી ઉપાધિઓમાં મળવાનું પણ જાણે છે અને પોતાને તેમનાથી અલિપ્ત રાખવાનું પણ જાણે છે. તે બધાં સ્થળે રહે છે, પરંતુ શોધવાથી ક્યાંય મળતો નથી અને અંતરાત્માની જેમ બધી જગ્યાએ રહેવા છતાં ગુપ્ત રહે છે. કોઈ પ્રાણી અંતરાત્મા વિનાનું હોતું નથી, છતાં તેને જોવા ઇચ્છીએ તો તે દેખાતો નથી અને અદૃશ્ય રહીને જ બધાં કાર્યો કરે છે. મહંત પણ અંતરાત્મા જેવો જ હોય છે. બધા લોકોને સારી સારી વાતો બતાવી તેમને ચતુર બનાવે છે અને સ્થૂળ તથા સૂક્ષ્મ બધી જાતની વિદ્યાઓની વ્યવસ્થા કરે છે. તે પોતાના બળે ચતુર બને છે અને હંમેશાં પ્રયત્ન કરે છે, પરંતુ એમાં લેપાતો નથી. જ્ઞાનીનું 'મહંતપણું' આવું જ હોય છે. તે નીતિ અને ન્યાયનું રક્ષણ કરવાનું જાણે છે. પોતાને અન્યાય કરતો નથી કે બીજાને કરવા દેતો નથી તથા વિકટ પ્રસંગ આવે તો તેમાંથી પાર ઊતરવાનો ઉપાય પણ જાણે છે."

આજે ભારતમાં જોવા મળતા એક કરોડ 'સાધુ' તથા 'ભિક્ષુ' નામધારીઓની સમસ્યાના કારણે આપણે પરેશાન થતા રહીએ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છીએ અને તેમને સમાજનો એક અસહ્ય ભાર સમજીને તેના નિવારણની યોજના બનાવતા રહીએ છીએ, પરંતુ જો આ સાધુ સમર્થ ગુરુએ બતાવેલા આદર્શોના અનુયાયી હોત તથા સમાજ પાસેથી નિર્વાહ માટે અલ્પ સાધનો લઈ તેમનાં ઘણાં સંગઠનાત્મક અને રચનાત્મક કાર્યોની પૂર્તિ કરતા રહ્યા હોત, તો તેમને કોણ ખરાબ કહી શકે અથવા તેમનાથી પીછો છોડાવવાની વાત વિચારી શકે ? 'સાધુ'ની પદવી ખૂબ ઉચ્ચ છે એમાં કોઈ શંકા નથી અને સંસારના ઉપકાર માટે આત્મત્યાગ કરવો એ જ તેનો આદર્શ છે. સમર્થ ગુરુ રામદાસ આવા જ સાધુ હતા અને તે આપત્તિકાળમાં હિંદુ ધર્મ તથા સમાજની દુર્દશા જોઈ એમણે આવા જ આત્મબલિદાની સ્વયંસેવકોનું નિર્માણ અને સંગઠન કર્યું હતું. આ જ કારણે શિવાજી મહારાજ જેવા મહાન શાસકે તેમને ગુરુ બનાવવામાં ગૌરવ અનુભવ્યું અને તેમણે પોતાનું રાજ્ય તથા સર્વસ્વ તેમનાં ચરણોમાં અર્પણ કરી  એક સંચાલકની હેસિયતથી જ તેનું સંચાલન કર્યું.

## રાજનૈતિક શિક્ષણની જરૂરિયાત

સમર્થ ગુરુનો મુખ્ય ઉદ્દેશ્ય પોતાના રાષ્ટ્રને સશક્ત તથા સુદૃઢ બનાવવાનો હતો. આથી એમણે ધર્મની સાથે લોકોને રાજનીતિનો ઉપદેશ આપ્યો. મોટાભાગે એવું જ જોવા મળ્યું હતું કે ભારતીય શાસકો શક્તિશાળી અને બધી રીતે રણકુશળ હોવા છતાં વિદેશીઓની કૂટનીતિ તથા છળ અને બળના કારણે હારી ગયા. મુસ્લિમ આક્રમણકારીઓએ સૌપ્રથમ ભારતના રાજાઓમાં ફૂટ પેદા કરી તેમની અંદર પોતાનો જાસૂસ  દાખલ કરીને જ આ દેશમાં તેમના પગ જમાવ્યા હતા. જો ભારતવાસીઓ એના વિશે સચેત રહ્યા હોત અને શત્રુની ચાલોનો અર્થ સમજી તેમનો સામનો સામૂહિક રીતે કર્યો હોત તો મુસ્લિમ શાસકોનું સફળ થવું કદાપિ શક્ય બન્યું



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org    http://literature.awgp.org

ન હોત. એટલું જ નહિ, જો તેમણે સામૂહિક પ્રયત્ન કર્યો હોત તો અફઘાનિસ્તાન અને તુર્કસ્તાન જેવા નાના નાના દેશોને તે જ વખતે તોડી નાખવાનું કાર્ય એમના માટે મુશ્કેલ ન હતું.

આ જ તથ્યને નજર સમક્ષ રાખી સમર્થ ગુરુએ તેમના અનુયાયીઓને ધર્મની સાથે રાજનીતિનો પણ ઉપદેશ આપ્યો. એમણે કહ્યું કે "રાજાએ બધી જાતની શંકાઓને નાબૂદ કરતા રહેવું જોઈએ અને લોકોના સામાન્ય ગુનાઓને માફ કરવા જોઈએ. બીજાના મનની વાત સમજવી જોઈએ તથા ન્યાય અને નીતિમાં ફરક પડવા દેવો જોઈએ નહિ. લોકોનાં મન ચતુરતાથી પોતાની તરફ આકર્ષિત કરવાં જોઈએ, બધાને સંતુષ્ટ રાખવા જોઈએ અને શક્તિ મુજબ બધાં જ સાંસારિક કાર્યો સંભાળી લેવાં જોઈએ. ધીરજપૂર્વક વિશેષ કાર્યો પૂરાં કરવાના અવસર જોતા રહેવું જોઈએ. પોતાનાં કાર્યોનો વિસ્તાર કરતા રહેવું જોઈએ, પરંતુ તેની જાળમાં ફસાવું જોઈએ નહિ. લઘુતા અને મૂર્ખતાથી બચતા રહેવું જોઈએ. બીજાના દોષો ઢાંકી રાખવા જોઈએ, કેમ કે હંમેશાં કોઈના અવગુણો કહેતા રહેવું તે સારું કાર્ય નથી. જો દુષ્ટ વ્યક્તિ પોતાના વશમાં આવી જાય અને તેના સુધરવાની આશા હોય તો તેના પર ઉપકાર કરી તેને છોડી દેવી જોઈએ. કોઈ કાર્ય કરવામાં હઠ કરવી જોઈએ નહિ, પરંતુ જે કાર્ય ન થાય તેને દીર્ઘ પ્રયત્નો તથા યુક્તિથી પૂરું કરવું જોઈએ."

"પોતાના દળમાં ફૂટ થવા દેવી જોઈએ નહિ તથા કોઈની સાથે વધારે વિવાદ કરવો જોઈએ નહિ. બીજાનો ઉદ્દેશ્ય સમજી લેવો જોઈએ અને જો વધારે લોકો પોતાની વિરુદ્ધ થઈ જાય તો તેનાથી ન ગભરાતાં બીજા સ્થળે જતા રહેવું જોઈએ. બીજાનાં દુઃખો સમજવાં જોઈએ તથા ઓછામાં ઓછું તેમની હાલત પૂછીને પણ દુઃખમાં સામેલ થવું જોઈએ. પોતાના સમૂહ કે સમાજ પર જે ભલાઈ કે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બૂરાઈ આવે તે બધી સહન કરવી જોઈએ. અધ્યયન દ્વારા જ્ઞાનનો અપાર ભંડાર ભરવો જોઈએ. મનમાં સારા વિચારો લાવવા જોઈએ તથા પરોપકાર કરવા માટે હંમેશાં તત્પર રહેવું જોઈએ. સ્વયં શાંતિ પ્રાપ્ત કરવી જોઈએ તથા બીજાને શાંતિ આપવી જોઈએ, પોતે હઠ કરવી જોઈએ નહિ તથા બીજાની હઠ છોડાવવી જોઈએ. પોતે સારાં કાર્યો કરવાં જોઈએ તથા બીજા પાસેથી કરાવવાં જોઈએ. જો કોઈનું કાંઈ અહિત કરવું પડે તો પહેલેથી ન કહેતાં દૂરથી જ તેને તે અહિતનો અનુભવ કરાવવો જોઈએ. જે ઘણા લોકોની વાતો સહન કરે છે તેને ઘણા લોકો મળે છે, પરંતુ વધારે પડતી સહનશીલતા બતાવવાથી પોતાનું મહત્ત્વ રહેતું નથી. રાજનૈતિક ચાલો અવશ્ય ચાલવી જોઈએ, પરંતુ તેની કોઈને ખબર પણ ન પડે તેનું ધ્યાન રાખવું જોઈએ. લોકોને સારી રીતે ઓળખી લેવા જોઈએ અને રાજનૈતિક ચાલોથી તેમનું અભિમાન નષ્ટ કરી દેવું જોઈએ, કાચા માણસને પોતાનાથી દૂર રાખવો જોઈએ, બદમાશો સાથે પણ વાત કરવી જોઈએ અને અવસર પડે ત્યારે તેમનાથી દૂર પણ રહેવું જોઈએ. આ રીતે ઘણી રાજનૈતિક ચાલો છે, જે મન ચિંતારહિત રહે ત્યારે જ સૂઝે છે."

આ રીતે સમર્થ ગુરુએ તેમના અનુયાયીઓને એ રાજનીતિનું શિક્ષણ આપ્યું, જે અસત્ય અને અપ્રામાણિકતા પર નહિ, પરંતુ વિવેક, સૂઝસમજણ તથા સાવધતા પર આધારિત હોય છે. એમણે કહ્યું છે કે "જે ડરીને ઝાડ પર ચઢી જાય તેને દિલાસો આપવો જોઈએ અને જે લડવા માટે તૈયાર હોય તેને ધક્કો મારી પાડી દેવો જોઈએ." આનો અર્થ એ કે સાંસારિક વ્યવહારમાં પણ આપણે અકારણ કોઈનું અહિત કરવું જોઈએ નહિ. શક્ય હોય ત્યાં સમજાવટ અને મેળમિલાપની નીતિથી જ કામ લેવું જોઈએ. જ્યારે કોઈ નીચ કે સ્વાર્થી વ્યક્તિ દુષ્ટતા આચરે ત્યારે જ લડવું જોઈએ. શિવાજી મહારાજે આ જ નીતિ પર ચાલીને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મહારાષ્ટ્રમાં અદ્‌ભુત એકતા તથા સંગઠનશક્તિ પેદા કરી હતી અને ઔરંગઝેબ જેવા સામ્રાજ્યવાદીના હોશ ઉડાડી દીધા. સ્વદેશ તથા સ્વધર્મનું હિત ઇચ્છનારાઓ માટે આ જ નીતિ કલ્યાણકારી છે. દેશમાં અકારણ અશાંતિ કે રક્તપાતની સ્થિતિ પેદા કરવી તે શ્રેષ્ઠ નીતિ નથી. મહાત્મા ઈસુ જેવા સંતપુરુષ પણ એ જ કહી ગયા છે કે "જેઓ તલવારના આધારે રહે છે તેમનો અંત પણ તલવારથી જ થાય છે." આથી સાચી રાજનીતિ એ જ છે, જેમાં દુષ્ટોના દમનની સાથે સભ્ય લોકોના રક્ષણ તથા પાલનનો પણ પૂરેપૂરો ખ્યાલ રાખવામાં આવે.

## સામાજિક કર્તવ્યોનું પાલન

સમાજમાં રહેતી વ્યક્તિઓએ તેમનું આચરણ એવું રાખવું જોઈએ કે જેથી તેમની ઉન્નતિ અને ભલાઈની સાથે સમાજનું પણ હિત થાય. જે વ્યક્તિ માત્ર તેના હિતનું ધ્યાન રાખે છે અને પોતાના લાભ માટે બીજાનું અહિત કરતાં પણ અચકાતી નથી, તેને સમાજનો શત્રુ  જ માનવો જોઈએ. આથી સમર્થ ગુરુના ઉપદેશોનો સાર એ જ છે કે "પોતે જીવો અને બીજાઓને જીવવા દો." એમણે ઘણા બીજા સંતોની જેમ એવું નથી કહ્યું કે પોતે દુઃખો સહન કરો અને બધા પ્રકારનો ત્યાગ કરી બીજા લોકોને જ સુખ આપો. આ પ્રકારનો ઉપદેશ સાંભળવામાં ભલે મહાન, ઉચ્ચ અને આદર્શ જણાતો હોય, પરંતુ તે સામાન્ય ગૃહસ્થો માટે ઉપયોગી ન થઈ શકે. આથી સમર્થ ગુરુએ એ જ ઉપદેશ આપ્યો, જે વાસ્તવમાં વ્યાવહારિક હોઈ શકે. તેઓ કહેતા હતા -

"પહેલાં પોતે જરૂરિયાત મુજબ ભોજન કરી લેવું અને પછી જ વધેલું અન્ન બીજાને વહેંચવું જોઈએ. આ રીતે મનુષ્યે સ્વયં જ્ઞાનથી તૃપ્ત થવું જોઈએ અને પછી એ જ્ઞાન બીજાને આપવું



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જોઈએ. જે તરવાનું જાણતો હોય તેણે બીજાને ડૂબવા દેવા જોઈએ નહિ. પહેલાં પોતે ઉત્તમ ગુણો ગ્રહણ કરવા જોઈએ અને પછી તે ગુણ બીજાને શિખવાડવા જોઈએ. પોતે આચરણમાં ઉતાર્યા વિના જે વાતો બીજાને બતાવવામાં આવે છે તે મિથ્યા અને વ્યર્થ હોય છે. પોતાની શક્તિ પરોપકારમાં લગાડવી જોઈએ, જેથી ઘણા લોકોનું ભલું થઈ શકે. એ જોવું જોઈએ કે કોણ દુઃખી અને પીડિત છે. શક્ય તેટલી તેને મદદ કરવી જોઈએ. બીજાના દુઃખે દુઃખી થવું અને સુખે સુખી થવું જોઈએ તથા બધા લોકોને પ્રેમયુક્ત વાતો કહી પોતાની સાથે સામેલ કરવા જોઈએ.''

''બીજાના મનના ભાવ સમજી તે મુજબ કામ કરવું જોઈએ તથા લોકોને ઘણી રીતે પારખતા રહેવું જોઈએ. ઓછું બોલવું અને તરત ઉત્તર આપવો જોઈએ. ક્યારેય ક્રોધ ન કરવો તથા હંમેશાં ક્ષમાભાવ રાખવો જોઈએ. બીજા સાથે જો હંમેશાં સારો વ્યવહાર કરવામાં આવે તો એ લોકો પણ એનો અનુભવ કરે છે. જે સૌની સાથે વિનયપૂર્વક રહે છે તેને કોઈ વાતની ઊણપ રહેતી નથી. કામ પોતાનું હોય કે બીજાનું હોય, બધું પૂર્ણ કરવું જોઈએ. પ્રસંગ આવે ત્યારે કામ કરવાનું ચૂકવું કે ગભરાઈ જવું યોગ્ય નથી. એ તો પ્રત્યક્ષ જોવા મળે છે કે સારી વાતો કહેવાથી બધા લોકોને સુખ થાય છે. બીજાને પણ પોતાના જેવા જ માનવા જોઈએ. કઠોર વાતો સૌને ખરાબ લાગે છે, તો પછી આવી ખરાબ કે કઠોર વાતો કહેવી જ શા માટે ?''

આનું તાત્પર્ય એ જ છે કે જે મનુષ્યે સમાજમાં રહેવું હોય તેણે તેનો વ્યવહાર અને આચરણ એવાં રાખવાં જોઈએ, જે બધાંને ગમે તથા વાસ્તવમાં તેનાથી લોકહિત થતું હોય. આ માટે લોકમત જાણવો અને તેનો આદર કરવો એ પણ ખૂબ જરૂરી છે. જે મનુષ્ય લોકમતની ઉપેક્ષા કરે છે તે મોટેભાગે ઉદ્દંડ અને સ્વેચ્છાચારી બની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જાય છે. આવી વ્યક્તિ સમાજ માટે ક્યારેય હિતકારક ન હોઈ શકે, પરંતુ તે કોઈ ને કોઈ રીતે સમાજને નુકસાન કરનારી જ હોય છે. આથી સમર્થ ગુરુએ આદેશ આપ્યો છે કે મનુષ્યે લોકમતની વિરુદ્ધ ચાલવું જોઈએ નહિ. તેમણે એવું પણ કહ્યું નથી કે સમાજમાં મૂઢતાથી પ્રચલિત થઈ ગયેલા કુરિવાજો કે નુકસાનકારક પ્રથાઓનું પાલન કરવામાં આવે, પરંતુ તેમને નાબૂદ કરવા માટે પણ એ રીતે વ્યવહાર કરવો જોઈએ, જેથી વ્યર્થ વિરોધભાવ પેદા ન થાય.

આવી સ્થિતિમાં લોકોને સમજાવીને તથા પોતાનું ઉદાહરણ બતાવીને જ સુધારવાનો પ્રયત્ન કરવો જોઈએ. એવા સમર્થ ગુરુના ઉપદેશોનું વિવેચન કરતાં એક વિદ્વાને કહ્યું છે -

"શ્રી સમર્થે આચાર અને વિચાર બંનેની શુદ્ધતા પર ખૂબ ભાર મૂક્યો છે. મનુષ્યે જન્મથી મૃત્યુ સુધી પોતાના આચારવિચાર કેવા રાખવા જોઈએ એનું વર્ણન એમણે તેમના મુખ્ય ગ્રંથ 'દાસબોધ'માં વિસ્તારપૂર્વક કર્યું છે. જ્ઞાનની સૌથી વધારે મહાનતા બતાવવામાં આવી છે કેમ કે આચારવિચારની શુદ્ધતા તેના દ્વારા જ થાય છે. આ જ્ઞાનની પ્રાપ્તિનો ઉપાય એમણે સત્સંગ, અધ્યયન અને સેવા બતાવ્યો છે. આ વાત પણ ખૂબ યોગ્ય છે. લોકો ઘણા પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરે છે, પરંતુ સમર્થ ગુરુ એ જ્ઞાનને જ્ઞાન માનતા નથી, જ્યાં સુધી તેમનો આધાર અધ્યાત્મ ન હોય અને જો વિચારપૂર્વક જોવામાં આવે તો એ જ્ઞાન શા કામનું, જેનાથી ઇહલોક અને પરલોક બંને ન સુધરે ?"

"મોટાભાગે કહેવાય છે કે આધુનિક પાશ્ચાત્ય જાતિઓએ જ્ઞાનનો ભંડાર ખૂબ વધાર્યો છે, તેની અનેક રીતે વૃદ્ધિ કરી છે, પરંતુ એ જ્ઞાનનો ઉપયોગ કેવાં કાર્યોમાં થઈ રહ્યો છે ? એકબીજાને કાપવા, મારવા, લૂંટવા અને દબાવવામાં જ ને ? તો પછી આવા જ્ઞાનથી માનવજાતિ પર ઉપકાર થયો કે અપકાર ? આવું જ્ઞાન



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હોવા કરતાં ન હોય તે જ સારું છે. કોઈ જ્ઞાન એવું પણ હોય છે, જે પોતાના તથા બીજાના ઉપકાર માટે ઉપયોગી થઈ શકે છે. આપણે આવું જ્ઞાન સામાન્ય શિક્ષકો, પુસ્તકો વગેરે દ્વારા મેળવી લઈએ છીએ, પરંતુ તે છતાં તેનો યોગ્ય ઉપયોગ કરવાનું જાણતા નથી. આથી શ્રી સમર્થે કહ્યું કે સાચું અને વાસ્તવિક જ્ઞાન એ જ છે જે ઇહલોક અને પરલોકની સાધનામાં પૂર્ણ મદદરૂપ થઈ શકે."

આપણા ધાર્મિક આચાર્યો તથા સંતપુરુષોએ પણ જ્ઞાન અને આચારવિચારની શુદ્ધતા વિશે ઘણું લખ્યું છે, પરંતુ એમણે એને એવું અલૌકિક તથા સીમિત રૂપ આપી દીધું છે કે વર્તમાનકાળના મનુષ્યોને એ જ્ઞાન વ્યાવહારિક જણાતું નથી. આધ્યાત્મિક તથા દાર્શનિક દૃષ્ટિએ જો કે તેમની વાતો ખૂબ ઉચ્ચ કોટિની છે, પરંતુ જીવનસંઘર્ષ અને લૌકિક પ્રગતિની દૃષ્ટિએ તેને સામાન્ય જનતા માટે પાલન કરવાલાયક માનવામાં આવતી નથી. સમર્થ ગુરુ રામદાસના ઉપદેશોની એ વિશેષતા છે કે એમણે આજથી ત્રણસો વર્ષ પહેલાં વ્યક્તિ, સમાજ તથા રાજ્યનાં કર્તવ્યોનું વિવેચન કર્યું, તે આજના સમયમાં પણ ઉપયોગી જણાય છે. તેમના ધર્મગ્રંથ 'દાસબોધ'ની મોટાભાગની શિખામણો જેટલી ઔરંગઝેબના રાજ્યકાળમાં લાભદાયક હતી તેટલી જ આ 'એટમયુગ'માં પણ સુખ અને શાંતિ પ્રાપ્ત કરવામાં મદદરૂપ થઈ શકે છે.

શ્રી સમર્થની આ વિશેષતાનું મુખ્ય કારણ એ છે કે એમણે જે કંઈ લખ્યું છે તે માત્ર પ્રાચીન ગ્રંથો વાંચીને કે તે સમયના ધાર્મિક સાધુ મહાત્માઓની વાતો સાંભળીને લખ્યું નથી, પરંતુ વર્ષો સુધી દેશમાં ફરીને સમાજ અને રાજ્યની સ્થિતિનો ગંભીર અનુભવ મેળવીને લખવામાં આવ્યું છે. એ જ કારણે અન્ય ધર્માચાર્યો અને મહાત્માઓ જ્યાં લોકોને એવો ઉપદેશ આપતા હતા કે મનુષ્યે ભગવાન નિમિત્તે તન, મન અને ધન બધાનો ત્યાગ કરી દેવો જોઈએ તથા સાંસારિક



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કષ્ટોને 'ભગવાનની કૃપા' સમજીને ખુશીથી ગ્રહણ કરવાં જોઈએ ત્યાં સમર્થ ગુરુએ કહ્યું કે "મનુષ્યે પહેલાં પોતાનું પેટ સારી પેઠે ભરાઈ જાય પછી બાકીની સામગ્રી સમાજ માટે તથા પરોપકાર અર્થે વાપરી નાખવી જોઈએ."

જો વિચાર કરવામાં આવે તો એને જ વ્યાવહારિક માર્ગ માની શકાય. જો આપણે પોતે ભૂખ્યા રહીને બીજાનું પેટ ભરતા રહીશું તો આપણો એ પરોપકાર કેટલા દિવસ ચાલી શકશે ? સ્પષ્ટ છે કે એવી સ્થિતિમાં આપણે રોજ નિર્બળ અને કાર્યશક્તિથી હીન થતા જઈશું અને થોડા દિવસોમાં જ એવી સ્થિતિ આવી જશે કે ન આપણે પોતાનો નિર્વાહ કરી શકીશું કે ન બીજા પર ઉપકાર કરી શકીશું. આથી સામાન્ય અવસ્થામાં એ ઉપદેશ અવ્યાવહારિક અને કાલ્પનિક જ રહે છે. વિશેષ પરિસ્થિતિઓ જેવી ભામાશાહ વગેરેની સામે ઉપસ્થિત થઈ હતી, તેને એક મહાન આદર્શ અવશ્ય માનવો જોઈએ અને રાષ્ટ્રરક્ષા કે સમગ્ર સમાજની કોઈ મુશ્કેલ સમસ્યાના અવસરે તે મુજબ આચરણ પણ કરવું જોઈએ, પરંતુ રોજિંદા જીવનમાં તેના નામે પોતે અભાવગ્રસ્ત જીવન ગુજારવું તેને બુદ્ધિસંગત વાત માની શકાય નહિ. આથી સમર્થ ગુરુ રામદાસે હંમેશાં એ જ ઉપદેશ આપ્યો છે કે મનુષ્યોએ એ જ માર્ગ અપનાવવો જોઈએ, જે ઇહલોક અને પરલોક બંનેમાં મદદરૂપ હોય, જેથી વ્યક્તિ તથા સમાજ બંને સુખી થઈ શકે.

એટલું જ નહિ, ઇહલોક અને પરલોકનો સંબંધ બાહ્ય અને અંતરની સુખશાંતિ સાથે પણ છે. વર્તમાન સમયમાં જેઓ લોક પરલોકનો અર્થ સ્વર્ગ-નરક સમજી તેના પર અવિશ્વાસ કરવા લાગે છે તેમણે સમજવું જોઈએ કે લૌકિકનો અર્થ બાહ્ય સુખસગવડો અને પારલૌકિકનો અર્થ આંતરિક કે આત્મિક સુખશાંતિ પણ છે. મનુષ્યે ઉદ્યોગ અને પરિશ્રમ દ્વારા બાહ્ય જીવનમાં સુખ તથા આરામની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સગવડો પ્રાપ્ત કરવી જોઈએ અને પરોપકાર તથા સેવાધર્મ દ્વારા આંતરિક જીવનને ઉચ્ચ બનાવી આત્મશાંતિ પ્રાપ્ત કરવી જોઈએ. આ બંનેનો યોગ્ય સમન્વય કરવાથી જ વ્યક્તિ, સમાજ તથા રાષ્ટ્રની પ્રગતિ થઈ શકે છે. સમર્થ ગુરુના ઉપદેશનું આ જ રહસ્ય છે.

## ત્યાગવૃત્તિ અને સેવાભાવ

શ્રી સમર્થ ગુરુ વિશે જે મહત્ત્વની ઘટનાઓ પ્રસિદ્ધ છે એમાંથી એક એ છે કે શિવાજીને શિષ્યત્વની દીક્ષા આપ્યા પછી એક દિવસ તેઓ સ્નાન તથા સંધ્યાવંદન કરી નિયમિત રૂપે ભિક્ષા માગતા સતારામાં રાજમહેલે પહોંચી ગયા અને ત્યાં પણ અન્ય સ્થળોએ ભિક્ષા માગતા હોય તેમ 'જય જય રઘુવીર સમર્થ'નો ધ્વનિ કર્યો. ગુરુનો અવાજ ઓળખી શિવાજી મહારાજ આનંદમગ્ન થઈ ગયા અને વિચાર કરવા લાગ્યા કે આવા મહાન 'ભિખારી'ની ઝોળીમાં કઈ ભિક્ષા નાખવામાં આવે ? એમણે કાગળ પર પોતાના સમગ્ર રાજ્યનું દાનપત્ર લખી ઝોળીમાં નાખી દીધો. જ્યારે સમર્થ ગુરુએ તે વાંચ્યું ત્યારે હસીને કહેવા લાગ્યા, "શિવા ! તમે સમગ્ર રાજ્ય તો મને આપી દીધું, હવે તમે શું કરશો ?" શિવાજીએ હાથ જોડી કહ્યું, "મહારાજ ! હું આપની ચરણસેવા કરીશ." સમર્થ ગુરુ આ ભક્તિભાવ જોઈ ખૂબ સંતુષ્ટ થયા અને કહ્યું, "હું વૈરાગી રાજ્ય લઈને શું કરીશ ? હવે એને મારી અમાનત સમજી રાજ્યનો કારોબાર તમે જ ચલાવો." શિવાજીએ ગુરુની આજ્ઞા માથે ચઢાવી અને તે જ દિવસથી રાજ્યનો ધ્વજ ભગવા રંગનો કરી નાખ્યો. ત્યારથી તેમણે પોતાને રાજ્યનો એક સેવક સમજીને જ નિષ્ઠાપૂર્વક ત્યાગ અને કર્તવ્યભાવનાનો પરિચય આપી એક અનુપમ પ્રથાની શરૂઆત કરી દીધી, જેના પરિણામે શાસનકાર્યમાં ધર્મ તથા ન્યાયનો વિશેષરૂપે સમાવેશ થઈ ગયો.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# રાજા ભગવાનનો નોકર હોય છે

સમર્થ ગુરુ વિશેની એક-બે ચમત્કાર જેવી ઘટનાઓ પ્રસિદ્ધ છે. તે ભલે પૂર્ણ સત્ય ન પણ હોય છતાં ઘણી શિક્ષણપ્રદ છે. શિવાજી મહારાજ જ્યારે સામાનગઢનો કિલ્લો બનાવડાવી રહ્યા હતા ત્યારે એક દિવસ ત્યાંના નિર્માણકાર્યનું નિરીક્ષણ કરતાં તેમના મનમાં એવી ભાવના ઉત્પન્ન થઈ કે મારા કારણે આ સેંકડો મજૂરો તથા કારીગરોનો નિર્વાહ થઈ રહ્યો છે. સંયોગવશ તે જ વખતે સમર્થ ગુરુ ત્યાં પહોંચી ગયા. તેઓ શિવાજીના મનોભાવ જાણી ગયા. પોતાના શિષ્યમાં આવો અહંકાર નુકસાનકારક માનીને તેમણે કહ્યું, "શિવા ! તેં તો આ બહુ મોટું કામ કરી નાખ્યું છે, જેથી કોણ જાણે કેટલાય ગરીબોનાં પેટ ભરાય છે." શિવાજી તેમનો આંતરિક આશય સમજી ન શક્યા અને કહી દીધું, "મહારાજ ! આ બધું આપની જ કૃપાનું ફળ છે."

આ વાતચીત કરતી વખતે સમર્થ ગુરુની નજર પાસે પડેલા એક મોટા પથ્થર તરફ ગઈ. એમણે શિવાજીને કહ્યું કે એક બેલદારને બોલાવી આ પથ્થરને તોડી નંખાવો. જ્યારે પથ્થર પર ભારે હથોડાના પ્રહારો થયા ત્યારે તેના બે ટુકડા થઈ ગયા. બધા લોકોએ જોયું કે અંદરથી તેના થોડો ભાગ પોલો હતો, જેમાં થોડુંક પાણી ભરાયેલું હતું અને એમાં એક જીવંત નાનકડો દેડકો પણ હતો. આ જોઈ બધાને આશ્ચર્ય થયું, પરંતુ સમર્થ ગુરુએ કહ્યું, "શિવા ! તમારો પ્રભાવ તો ખૂબ જ વધારે છે, જે આ પથ્થરની અંદર પણ જીવનું પાલન કરી રહ્યા છો." શિવાજીએ ઉત્તર આપ્યો, "એમાં મારું શું છે ?" સમર્થ ગુરુએ જરા વ્યંગ સાથે કહ્યું, "કેમ નહિ ? જે રીતે તમે આટલા બધા મજૂરોનું પાલન કરી રહ્યા છો, તે જ રીતે આ દેડકાના પાલનકર્તા પણ તમે જ છો."



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શિવાજી પોતાના અહંકારની ભૂલ સમજી ગયા અને અત્યંત વિનમ્ર ભાવે કહેવા લાગ્યા, "મહારાજ ! મારો ગુનો માફ કરો. મારા જેવા તુચ્છ દ્વારા કશું થઈ ન શકે." સમર્થ ગુરુએ કહ્યું, "ક્ષમા તો પહેલાં જ આપી દીધી છે, પરંતુ તમારે હંમેશાં એ યાદ રાખવું જોઈએ કે તમે એ મોટી સરકાર (રામ)ના મોટા નોકર છો. તમારા હાથે એ જ બીજાને અપાવે છે. એ માટે કોઈ પણ જાતનો ગર્વ યોગ્ય નથી." શિવાજી પર આ ઘટનાનો ખૂબ પ્રભાવ પડ્યો અને પછી એમનામાં ક્યારેય એવો અહંકારભાવ આવ્યો નહિ.

## શ્રી સમર્થ ગુરુની ક્ષમાવૃત્તિ

એક દિવસ સમર્થ નિજાનંદ સ્વામીના ઉત્સવમાં કહાડ ગયા હતા. ત્યાંનું કાર્ય પૂરું થયા પછી જ્યારે તેઓ ૨૦-૨૫ શિષ્યો સાથે સજ્જનગઢના કિલ્લા તરફ પાછા જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં બધાને ભૂખ લાગી. ત્યાં ભોજનની કોઈ વ્યવસ્થા ન હોવાથી એમણે એક ખેતરમાંથી કેટલાક મકાઈડોડા તોડી ખાવાની આજ્ઞા આપી દીધી. શિષ્યો જ્યારે એ મકાઈડોડા શેકીને ખાઈ રહ્યા હતા તે જ વખતે ખેતરનો માલિક, જે એક સામાન્ય જમીનદાર હતો તે ત્યાં આવી પહોંચ્યો. તેના ખેતરમાંથી આ રીતે મકાઈડોડા તોડવાના કારણે તેને ક્રોધ આવ્યો અને સમર્થ ગુરુને સૌના આગેવાન સમજી એક જુવારના સાંઠાથી મારવા લાગ્યો. આથી બધા શિષ્યોએ તેને પકડી લીધો અને તેને મારવા લાગ્યા, પરંતુ સમર્થ ગુરુએ તેમને રોક્યા અને ખેતરના માલિકને છોડાવી દીધો. બીજા દિવસે જ્યારે શિવાજી મહારાજ ગુરુને સ્નાન કરાવવા લાગ્યા ત્યારે એમણે તેમની પીઠ પર માર પડવાનાં નિશાન જોયાં. પૂછ્યું, પણ સમર્થ ગુરુએ કશું કહ્યું નહિ, પરંતુ જ્યારે સમર્થ ગુરુ આરામ કરવા જતા રહ્યા ત્યારે શિવાજીએ એક શિષ્યને ખૂબ આગ્રહ કરી એ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઘટનાની વિગત જાણી લીધી. એમણે તે જ વખતે એ જમીનદારને પકડી લાવવાની આજ્ઞા કરી.

જ્યારે એ ખેતરનો માલિક ગિરફતાર થઈ દરબારમાં આવ્યો અને તેણે સમર્થ ગુરુને ઊંચા સિંહાસને બેઠેલા જોયા ત્યારે તેને તેની ભૂલની જાણ થઈ. તે સમજી ગયો કે તેણે જેને સામાન્ય વૈરાગી સમજીને માર માર્યો હતો, તેઓ મહારાજ શિવાજીના ગુરુ હતા. તે ભયથી કાંપવા લાગ્યો અને સમર્થ ગુરુના ચરણે પડ્યો. શિવાજી તેને ખૂબ કઠોર દંડ કરવાના હતા, પરંતુ સમર્થ ગુરુએ તેમને રોક્યા. તેમણે તેનો ગુનો તરત માફ કરી દીધો, એટલું જ નહિ, પરંતુ શિવાજીને કહીને તે ખેતર પણ હંમેશ માટે તેને અપાવી દીધું. આ રીતે બૂરાઈના બદલે ભલાઈ થતી જોઈ બધા દર્શકો પર ખૂબ પ્રભાવ પડ્યો અને એમણે જાણી લીધું કે રાજનીતિમાં ભાગ લેવા છતાં અધ્યાત્મની દૃષ્ટિએ સમર્થ ગુરુ સાચા સંત છે.

## દાન લેવામાં અરુચિ

સમર્થ ગુરુના મોટાભાઈ શ્રી શ્રેષ્ઠ પણ તેમના જન્મસ્થળ જાંબ ગામમાં રહી ભક્તિમાર્ગનો પ્રચાર કરતા હતા. જ્યારે તેમનું પોતાનું શરીર શિથિલ થઈ રહ્યું છે એવું લાગ્યું ત્યારે તેમણે સમર્થને પત્ર લખી બોલાવ્યા. સમર્થ ત્યાં ગયા અને એક મહિના સુધી તેમના ભાઈ સાથે ધર્મચર્ચા કરી પાછા આવ્યા. એ પછી થોડા દિવસોમાં શ્રેષ્ઠનો સ્વર્ગવાસ થઈ ગયો અને તેમના બંને પુત્રોને સમર્થે પોતાની પાસે બોલાવી લીધા. જ્યારે આ સમાચાર શિવાજી મહારાજે સાંભળ્યા ત્યારે સમર્થના આશ્રમમાં આવ્યા અને એમણે જાંબ તથા બીજાં કેટલાંક ગામો શ્રેષ્ઠના પુત્રોને આપવાની ઇચ્છા પ્રકટ કરી, જેથી તેઓ કુટુંબના રામમંદિરની વ્યવસ્થા સંભાળતા રહે અને તેમનો ખર્ચ પણ ચલાવતા રહે. સમર્થ ગુરુએ કહ્યું કે અત્યારે કોઈ જરૂર નથી, પછી જોયું જશે. આથી શિવાજી મહારાજ દુ:ખી થઈને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કહેવા લાગ્યા, "મને લાગે છે કે ભગવાન રામની સેવા કરવાનું મારા ભાગ્યમાં નથી." ત્યારે સમર્થ ગુરુએ આજ્ઞા આપી કે, "સારું, એટલી વ્યવસ્થા કરી દો કે ત્યાં આવનાર સાધુસંતોનો સત્કાર થતો રહે." તે પછી રાજ્ય તરફથી મંદિરના નામે તેત્રીસ ગામ અર્પણ કરવામાં આવ્યાં, જેનાથી કેટલાય ધર્મોત્સવો હંમેશાં ઉજવાતા રહ્યા.

## રાષ્ટ્રધર્મનો પ્રચાર

સમર્થ ગુરુ રામદાસની સૌથી વધારે મહાનતા એ કારણે માનવામાં આવે છે કે બીજા સંત મહાત્માઓએ મોટાભાગે ધર્મ, ઉપાસના, ભજન કે નીતિ અને ચરિત્રનો ઉપદેશ આપ્યો એના બદલે એમણે જનતાને દેશ, જાતિ તથા સમાજની રક્ષા માટે વિશેષ રૂપે પ્રેરણા આપી. આમ તો એમણે ઉત્તર ભારત અને મધ્યપ્રદેશનાં અનેક સ્થળોમાં મઠોની સ્થાપના કરી, જે આજે પણ 'રામદાસી મઠ' ના નામે પ્રસિદ્ધ છે, પરંતુ મહારાષ્ટ્રના ગામડે ગામડે એમણે જાગૃતિનો એવો મંત્રસંચાર કર્યો અને સંગઠનકાર્ય કર્યું કે તે પ્રદેશની કાયાપલટ જ થઈ ગઈ. તે વિદેશી પરાધીનતાના યુગમાં જ્યારે મોટાભાગની ભારતીય જનતા ભયભીત અને નિરાશ બનીને જેમતેમ સમય પસાર કરી રહી હતી ત્યારે મહારાષ્ટ્રમાં શ્રી સમર્થ ગુરુએ રાષ્ટ્રીયતાની જ્વાળા પ્રજ્જ્વલિત કરી દીધી. એ જ કારણે જ્યાં રાજસ્થાનના વીર ક્ષત્રિયો એક એક કરીને મુસ્લિમ શાસકો દ્વારા દબાતા ગયા અને ઘણા તો એમના મદદગાર અને અનુયાયી બની ગયા ત્યાં મહારાષ્ટ્રમાં મહારાજ શિવાજીએ હિંદુત્વનો ધ્વજ લહેરાવી દીધો તથા વિદેશી સત્તાધારીઓને એવો જોરદાર ધક્કો માર્યો, જેથી તેમનો પાયો હચમચી ગયો.

આ બધો પ્રભાવ શ્રી સમર્થ ગુરુના ઉપદેશો તથા પ્રચારકાર્યનો જ હતો, જેણે ત્યાંની સમગ્ર જનતાને કાર્યશીલ અને સંઘબદ્ધ બનાવી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શિવાજી મહારાજની મદદ માટે ઊભી કરી દીધી. રાજસ્થાનના શાસકોના ક્ષત્રિય વીર સૈનિકો શસ્ત્રસંચાલનમાં અવશ્ય નિપુણ હતા, પરંતુ ત્યાંની જનતા બધી રીતે ઉદાસીન અને નિષ્ક્રિય હતી. એના બદલે સંપૂર્ણ નવાં અને ઓછાં સાધનો હોવા છતાં શિવાજી મહારાજ ઔરંગઝેબ જેવા પ્રસિદ્ધ સમ્રાટની વિરુદ્ધ ટકી રહ્યા અને એવી સફળતા મેળવી શક્યા, જેના પરિણામે અંતે મોગલોની સત્તાનાં મૂળ જ ઊખડી ગયાં. સમર્થ ગુરુ માત્ર મુસ્લિમોના જ શાસનને અનુચિત માનતા હતા એવું નહોતું, પરંતુ અંગ્રેજ, ડચ, પોર્ટુગીઝ વગેરેની વૃદ્ધિને પણ હાનિકારક માનતા હતા. તેઓ સારી રીતે સમજતા હતા કે દેશનું કલ્યાણ કોઈ વિદેશી સત્તા દ્વારા થઈ નહિ શકે. તે માટે સ્વરાજ્ય અને સ્વધર્મ હોવાં અનિવાર્ય છે. તેમના હૃદયમાં હંમેશાં એ જ ભાવના રહેતી હતી. એક વખત જ્યારે તેઓ તેમના મોટા ભાઈએ માનેલી માનતા પૂરી કરવા માટે ‘પારઘાટ’માં દેવીનું પૂજન કરવા ગયા ત્યારે ત્યાં પણ એમણે દેવી સમક્ષ આ જ પ્રાર્થના કરી –

**તુઝા તું વાઢવી રાજા, શીઘ્ર આમ્હાંચી દેખતાં ।**
**દુષ્ટ સંહારિલે ભાગે, ઐસે ઉદંડ એકતો ॥**
**પરંતુ રોકડેં કોહી ! મૂલ સામર્થે દાખવી ॥**

અર્થાત્ “હે માતા ! આ રાજા (શિવાજી મહારાજ)નો ઉત્કર્ષ અમારી સામે જ કર. મેં સાંભળ્યું છે કે તેં પ્રાચીન સમયમાં ઘણા દુષ્ટોનું દમન કર્યું છે, પરંતુ આ સામર્થ્યનો થોડોક પ્રભાવ મને આ વખતે તો બતાવ.”

## આનંદભવનનું સ્વપ્ન

દેશના ઉદ્ધારની ભાવના શ્રી સમર્થ ગુરુના મનમાં એટલી તીવ્ર હતી કે એક દિવસ સ્વપ્નમાં પણ એમણે આ ઇચ્છાની જ પૂર્તિનાં દર્શન કર્યાં. એનું વર્ણન કરતાં એમણે લખ્યું છે કે “તેઓ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આનંદભુવન(કાશી) ગયા છે. ત્યાં દેવગણ સ્વધર્મના દોષોનો નાશ કરે છે. મ્લેચ્છ રૂપી દૈત્યોને ડુબાડી દેવા માટે ત્યાં ખૂબ ધૂમધામ ચાલી રહી છે. હિંદુસ્તાન પ્રબળ બની ગયો છે અને તેણે પાપીઓનો નાશ કરી નાખ્યો. તેમની વિરુદ્ધ પ્રત્યક્ષ પ્રભુ રામચંદ્રએ શસ્ત્ર હાથમાં લીધું છે. હવે પાપમૂર્તિ ઔરંગઝેબ નષ્ટ થઈ ગયો છે, મ્લેચ્છોનો સંહાર થઈ ગયો છે અને તેમણે નષ્ટ કરેલા વિસ્તારો ફરીથી વસી ગયા છે. હવે સ્નાનસંધ્યા માટે પુષ્કળ પાણી છે અને 'આનંદભુવન' માં જપતપ તથા અનુષ્ઠાનો થવા લાગ્યાં છે. રામવરદાયિની માતા ભવાની પણ નષ્ટ થયેલા ચાંડાળોને ખાવા માટે રાજા સાથે નીકળી છે. પૂર્વકાળમાં માતાએ ભક્તોનું રક્ષણ કર્યું હતું. અત્યારે પણ તે ભક્તોનું સંરક્ષણ કરે છે." આ રીતે શ્રી સમર્થે તેમના સમકાલીન બધી શ્રેણીઓના લોકોને દેશ અને ધર્મના રક્ષણ માટેની પ્રેરણા આપી તથા તે મહારાષ્ટ્ર શાસનરૂપે સફળ પણ થઈ.

## અધ્યાત્મવાદનું સમર્થન

ભારતીય સમાજની દુર્બળતાનું એક મુખ્ય કારણ અહીંનો બહુદેવવાદનો સિદ્ધાંત પણ રહ્યું છે. જો કે પ્રાચીન મનીષીઓએ 'એકોડહં બહુસ્યામિ' કહી એનું સમાધાન કરી દીધું, પરંતુ સામાન્યજનો  આ તત્ત્વ સમજવામાં અસમર્થ જ રહ્યા. પરિણામ એ આવ્યું કે ભારતીય સમાજ વિવિધ સંપ્રદાયોમાં વહેંચાઈ ગયો અને એમાં વિભિન્નતા તથા દુર્બળતા આવી ગઈ. શૈવ અને વૈષ્ણવોમાં તો કોણ જાણે કેટલા જૂના વખતથી સંઘર્ષ થતો આવ્યો છે અને તેના પરિણામે ભારત રાષ્ટ્રની શક્તિ ક્ષીણ થઈ છે. શ્રી સમર્થે આ તથ્ય સમજી લીધું અને આને રાષ્ટ્રના સંગઠનમાં અવરોધરૂપ માન્યું. જો કે એમણે મુખ્યરૂપે રામની ઉપાસનાનો પ્રચાર કર્યો અને હનુમાનજીનાં સેંકડો નાનાંમોટાં મંદિરોની સ્થાપના



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરાવી, પરંતુ એમણે એ પણ કહી દીધું કે તે 'રામ' પરમાત્મા રૂપે એક છે અને આપણે દેશકાળના પ્રભાવથી જે ઘણાં દેવીદેવતાઓની પૂજા અને ઉપાસના કરીએ છીએ, તે બધાં એ આત્મતત્ત્વનાં જ રૂપો છે. આ વાત એમણે 'દાસબોધ'ના 'વિવિધ દેવતા' અધ્યાયમાં ખૂબ સરસ અને મનોરંજક ઢબે પ્રકટ કરી છે –

"હે ગજવદન ! હું તમને નમસ્કાર કરું છું. તમારો મહિમા સમજમાં આવતો નથી. નાનામોટા સૌને તમે જ વિદ્યા અને બુદ્ધિ આપો છો. હે સરસ્વતી ! તમને નમસ્કાર કરું છું. તમારા જ થકી ચારેય વાચાઓનું સ્ફુરણ થાય છે. તમારું વાસ્તવિક રૂપ જાણનારા લોકો ખૂબ ઓછા છે. હે ચતુરાનન ! તમે ધન્ય છો. તમે જ સૃષ્ટિની રચના કરી તથા શાસ્ત્રો પ્રકટ કર્યાં. હે વિષ્ણુ ! તમે ધન્ય છો. તમે જ પાલન કરો છો અને એક જ અંશ દ્વારા બધા જીવોને રાતદિવસ વધારતા રહો છો તથા એમની પાસે બધાં કાર્યો કરાવો છો. હે ભોળા શંકર ! તમે ધન્ય છો. તમારી દેનનો અંત નથી અને તમે સતત રામનું નામ જપતા રહો છો. હે ઈન્દ્રદેવ ! તમે ધન્ય છો. તમે બધા દેવતાઓના પણ દેવતા અથવા તેમના મુખી છો. ભલા ઈન્દ્રલોકના વૈભવને હું કેવી રીતે બતાવી શકું ? હે ધર્મરાજ ! તમે ધન્ય છો. તમે ધર્મ-અધર્મ બધું જાણો છો. તમે પ્રાણીમાત્રના મનની વાત જાણી લો છો. હે વ્યંકટેશ ! તમારો મહિમા ખૂબ વધારે છે. સારા લોકો તમારી પાસે અહીં ઊભા રહીને અન્ન ખાય છે. હે વનશંકરી ! તમે પણ ધન્ય છો. તમે ઘણા પ્રકારનાં શાક ખાઓ છો. તમારા સિવાય એવું કોણ છે, જે આ રીતે પસંદગીનું ભોજન કરે છે. હે પરમ બળવાન હનુમાન ! તમે ધન્ય છો. તમે અડદનાં વડાંની બહુ મોટી માળા પહેરો છો. હે તુલસી ભવાની ! તમે ધન્ય છો. તમે ભક્તો પર હંમેશાં પ્રસન્ન રહો છો. હે પાંડુરંગ ! તમે ધન્ય છો ! તમારી પાસે હંમેશાં કથાની ધૂમધામ રહે છે. હે ક્ષેત્રપાલ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

! તમે ધન્ય છો. તમે ઘણા લોકોને ભક્તિમાર્ગે વાળ્યા છે. રામ, કૃષ્ણ વગેરે અવતારોનો તો મહિમા અપાર છે જ. એમના કારણે ઘણા લોકો ઉપાસનામાં તત્પર થયા છે."

"પરંતુ આ બધા દેવતાઓનું મૂળ આ અંતરાત્મા છે. ભૂમંડળના બધા લોકો આને જ પ્રાપ્ત થાય છે. એ જ અનેક પ્રકારના દેવતાઓનાં રૂપ ધારણ કરીને બેઠો છે, એ જ અનેક શક્તિઓ રૂપે પ્રકટ થયો છે અને એ જ બધા વૈભવોનો ભોગ કરનારો છે. વિચાર કરતાં સમજાય છે કે આનો વિસ્તાર ખૂબ જ વધારે છે. એ જ અનેક દેવતાઓ તથા મનુષ્યોનાં રૂપ ધારણ કરીને હંમેશાં આવતો-જતો રહે છે. તે જ યશ, અપયશ, અતિ વધારે નિંદા અને અતિ વધારે સ્તુતિ આ બધાનો ભોગ કરે છે તથા અંતઃભ્રષ્ટ એમાં જ ડૂબી જાય છે, કેમ કે તેઓ બાહ્ય લોકાચારમાં જ ડૂબેલા રહે છે."

'દાસબોધ' વાસ્તવમાં સમયને અનુરૂપ ઉપદેશોનો ભંડાર છે. જો કે વર્તમાન સમયમાં મોટાભાગના મહારાષ્ટ્રીયન બ્રાહ્મણો ગીતા, રામાયણ કે વિષ્ણુ સહસ્રનામ વગેરેની જેમ નિત્ય એનાં પણ કેટલાંક પૃષ્ઠોનો પાઠ કરી લે છે, પરંતુ સમર્થ ગુરુનો ઉદ્દેશ્ય વાસ્તવમાં એવો ન હતો. તેઓ રાષ્ટ્રના એક સાચા સંગઠનકર્તા હતા, તેથી ધર્મચર્ચા, પૂજા, ઉપાસના વગેરેના માધ્યમથી એમણે લોકોની અંધવિશ્વાસની ભાવના દૂર કરી તેમને કર્તવ્યપરાયણ બનવાની શીખ આપી છે. ધર્મની શક્તિ સંસારમાં સૌથી વધારે પ્રબળ છે. આપણાં શાસ્ત્રોમાં તો સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે, "જે ધર્મનું રક્ષણ કરે છે તેનું રક્ષણ ધર્મ અવશ્ય કરશે." આનો અર્થ એ જ છે કે પૂજા, ઉપાસના, દેવઅર્ચન, જપ, પાઠ વગેરે એનું જ નામ છે, જે દંભ અને અંધશ્રદ્ધાનો ત્યાગ કરી ધર્મતત્ત્વને સમજી તેનું પાલન કરે છે. શ્રી સમર્થ 'દાસબોધ' માં કહે છે -



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

"સાધુનું મૂળ લક્ષણ એ છે કે તે સદાય તેના વાસ્તવિક સ્વરૂપને સમજતો રહે. સંસારમાં રહેતો હોવા છતાં તેમાં રમી ન જાય. તે જ્યારે તેના સ્વરૂપને સમજી લે છે ત્યારે તેને સંસારની જરાય ચિંતા થતી નથી."

જો કે બધા જ સંતપુરુષોએ આત્માને ઓળખવાની તથા ભૌતિક પદાર્થોને ક્ષણિક માનવાની શીખ આપી છે, પરંતુ સાંસારિક વ્યવહારમાં આ ભાવનાનો ઉપયોગ કરવા પ્રત્યે થોડાક જ લોકોએ ધ્યાન આપ્યું છે. આ દૃષ્ટિએ શ્રી સમર્થ એકમાત્ર એવા ધર્મનેતા હતા, જેમણે ધાર્મિક પ્રચાર દ્વારા ખુલ્લી રીતે રાષ્ટ્રીય સંગઠનને સુદૃઢ બનાવવાનું કાર્ય હાથમાં લીધું અને તેના દ્વારા મોગલ બાદશાહી જેવી વિશાળ સત્તા પર પ્રાણઘાતક પ્રહાર કરી તેને જર્જર બનાવી દીધું.

આ રીતે શ્રી સમર્થે ભારતીય સમાજને ચેતનવંતો બનાવી તેનો ન્યાયિક અધિકાર પ્રાપ્ત કરવા માટે ઘણી રીતે પ્રેરિત કર્યા. તેઓ હંમેશાં જપતપ કરતા રહેવા છતાં માત્ર ભજનાનંદી કે ધર્મશાસ્ત્રો પર પ્રવચન કરનારા ન હતા. તેઓ જનતાના સાચા શિક્ષક હતા અને અધ્યાત્મ તથા વ્યવહારનો સમન્વય કરીને એવું માર્ગદર્શન આપતા હતા કે જેથી સાંસારિક મુશ્કેલીઓનું નિરાકરણ થઈ લૌકિક અને પારલૌકિક દૃષ્ટિએ માનવીનું જીવન સફળ થઈ શકે. એમણે પોતાની આ કાર્યપદ્ધતિ દ્વારા મહારાષ્ટ્રમાં એવી જાગૃતિ ઉત્પન્ન કરી દીધી કે ત્યાં વિદેશી સત્તાનો બધી રીતે અંત આવી ગયો અને આગળ જતાં સમગ્ર દેશ પર તેનો ખૂબ વધારે પ્રભાવ પડ્યો.

શ્રી સમર્થ વર્ણાશ્રમ ધર્મના અનુયાયી હતા, તેથી એમણે સમાજમાં બ્રાહ્મણોની પ્રધાનતાનું સમર્થન કર્યું તથા તેમને જ મુખ્યત્વે તેમના શિષ્ય બનાવી સંગઠનકાર્ય આગળ વધાર્યું.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કેટલાક લેખકોએ તેમના પર બ્રાહ્મણોના પક્ષપાતી હોવાનું દોષારોપણ કર્યું છે, પરંતુ જે હોય તે, તેમના જ ઉપદેશોથી મહારાષ્ટ્રમાં સ્વજાતીય સત્તા કાયમ બની શકી, જેણે ભારતમાં મુસ્લિમ સત્તાનો અંત આણવાનું ખૂબ મોટું કાર્ય કર્યું. તે જ વખતે અંગ્રેજો વચ્ચે આવી જવાના કારણે પરિસ્થિતિઓ ફરીથી બદલાઈ ગઈ, નહિ તો શ્રી સમર્થની અદ્ભુત કાર્યશૈલી તથા ઉપદેશોના પ્રભાવથી એક સ્વાધીન ભારતીય દેશનો ઉદ્ભવ નક્કી જ હતો. આજે પણ તેમના ઉપદેશો દ્વારા આપણે જાતીયતાનું રક્ષણ અને ધર્મના વ્યાવહારિક રૂપને સમજવામાં સક્ષમ બની શકીએ છીએ.

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org